(સરકારી તથા વડોદરા રાજ્યના)
કેળવણીખાતામાં ચાલતી

બાળ-ગરબાવળી

કર્તા

ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર

સ્વ૦ નવલરામ લક્ષ્મીરામ.

આવૃત્તિ ૩૨ મી

૧૯[illegible]૯

કિંમત ૦-૩-૬.

The Department of Public Instruction, Bombay.

BAL-GARABAVALI

OR

A SONG-BOOK FOR GIRLS

By

The late **NAVALRAM LAKSHMIRAM,**

Principal, Training College, Kathiawar.

બાળ-ગરબાવળી

કર્તા

શ. શ. લક્ષ્મીરામ નવલરામ

પ્રસિદ્ધ કર્તા

ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ–સુરત.

આવૃત્તિ ૩૨ મી.

સંવત ૧૯૮૫—ઇ. સ. ૧૯૨૯.

છપાવી પ્રસિદ્ધ કરનારઃ—
ગં. સ્વ. વસુમતિ ધીમતરામ નવલરામ
ઠે૦ કેળાંપીઠ—સુરત.

સુરત-ચૌટાના પૂલ ઉપર આવેલા "શંકર" પ્રિન્ટિંગ
પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપી.

પ્રસ્તાવના

મનની કેળવણીમાં અભ્યાસ એ એક અવશ્યનું સાધન છે. સારી કવિતા માણસનાં રસજ્ઞાન તથા કલ્પનાને કેળવણીથી પ્રફુલ્લિત કરે છે; તેને સારૂ સુખનું એક નવું તથા અખૂટ બારૂં ઉઘાડે છે; અને મનની ઉંચી વૃત્તિઓને જાગૃત કરી તેની પાસે ઉંચાં કર્મ કરાવે છે. શાસ્ત્રના અભ્યાસથી પરિપકવ થએલી બુદ્ધિને કોમળ, ચપળ, ઉમંગી તથા ઉદાર કરનાર સારી કવિતાજ છે.

પણ બાળકેળવણીને લાયક કવિતા મળવી મુશ્કેલ પડે છે; કેમકે કવિતા ઘણું કરીને પોતાની અવસ્થાનોજ રસ વર્ણવી જાય છે, અને બાલ્યાવસ્થાનાં રસ અને કલ્પનામાં ઉતરવું એ બહુ અઘરૂં છે. એ કારણથી સઘળી ભાષામાં સારી બાળ-કવિતા થોડીજ દીઠામાં આવે છે. આપણી ભાષામાં તો તેની કેવળ ખોટજ છે.

એ ખોટ પૂરી પાડવાને અર્થે મારો વિચાર ઘણા વખતથી યથાશક્તિ કાંઇ કરવાનો હતો, અને તેથી કેળવણી ખાતાની તરફથીજ ગરબાવળીની માગણી આવતાં મેં તે ઉમંગથી ઝીલી લીધી છે. એમાં ધારેલી મતલબ કેટલી પાર પડી છે—એટલે એમાં રસ કેટલો આવ્યો છે, અને તેમાં તે બાળકથી ગ્રહણ થઇ શકે એવો કેટલો છે—એનો નિર્ણય કરવો એ બાળકેળવણીના ચતુર અનુભવીઓનું કામ છે.

ગરબીઓ કેવી રીતે ગાવી તે જાણવાને સારૂ તેને મથાળે એક પ્રસિદ્ધ* કડી મૂકવાનો રિવાજ છે; પણ તે પ્રમાણે કેટલાંક કારણોથી આ ચોપડીમાં થઇ શક્યું નહિ, તે છતાં તેનો પદ્યબંધ તો જણાય એમ ધારી મેં તેનાં સાંકેતિક નામ ત્યાં લખ્યાં છે:-જેમકે ચોચોકા એટલે ચાર ચાર માત્રાના ચાર ગણ જેના પ્રત્યેક ચરણમાં સમાયલા છે તે. अ. इ. उ ओ. વગેરે નામને અંતે જે પ્રત્યય લગાડ્યા છે તેમાં પણ મર્મ રહેલો છે; પરંતુ તે સઘળો વિસ્તાર આ ઠેકાણે આપી શકતો નથી.

મુ૦ રાજકોટ.
તા૦ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૮૮૭. } ન૦ લ૦

*પણ એની જરૂર જણાવાથી સન ૧૮૭૯ના એપ્રિલ માસના ગુજરાતશાળાપત્રમાં એ પ્રસિદ્ધ કડીઓ મેં મહેતાજીની જાણને માટે બતાવેલી છે.

સાંકળીઉં

(छठ्ठुं धोरण भणनारीओने सारु.)

(फीमेल ट्रेनिंग कोलेजने सारु.)

बाळप्रार्थना

ધોળ (માપ ચોચોકા.)

માગું માગું, છો ઈશ્વર આપ રે,
પ્રાણી માત્રના મા ને બાપ રે;
જેની શકિતનું નહિ કંઇ માપ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧

માગું માગું, પ્રથમ તમ પ્રેમ રે,
રાખો રાખો અમ પર રહેમ રે;
તમ રહેમેજ રહીએ ક્ષેમ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૨

માગું માગું, કુશળ મારી માતને,
માગું માગું કુશળ મારા તાતને;
માગું કુશળ ભાંડુઓના સાથને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૩

માગું માગું, અમને તમે પાળજો,
અન્ન વસ્ત્ર ને આબરૂ આલજો;
જન સર્વનાં સંકટ ટાળજો,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૪

માગું માગું, હું આણી વાલને,
આપો આપો, સુબુદ્ધિ હું બાળને;

કાપો કાપો કુતર્ક કુચાલને,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૫

માગું માગું, માબાપની સેવ રે,
સદા સાચુંજ બોલ્યાની ટેવ રે;
મારા મનનો હરો અહમેવ[1] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૬

માગું માગું, માયાળુ સ્વભાવ રે,
મીઠા બોલ, ને સૌ પર ભાવ રે;
છે જેથીજ જગમાં નિભાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૭

માગું માગું, સુમાર્ગ બતાવ રે,
મારા દિલમાં દયા તું વસાવ રે;
પરમારથ[2] પૂર્ણ[3] કરાવ રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૮

માગું, વિદ્યાનું વ્યસન[4] લગાડજે,
મારી અંતર આંખો ઉઘાડજે;
શુદ્ધ સત્યનો સૂરજ ઉગાડજે,
પાય લાગું માગું પ્રભુ આટલું. ૯

મેં આ માગ્યું, હું માગવા જોગ રે,
બાપ આપ છો આપવા યોગ્ય રે;
હવે આપો જે હોય યોગ્ય[5] રે,
પાય લાગું, માગું, પ્રભુ આટલું. ૧૦

---

૧ અહંકાર. ૨ જીવનનું કલ્યાણ થાય એવાં કામ. ૩ બરાબર. ૪ ટેવ. ૫ નુકસાન વગરનું.

निशाळे जती छोडीनुं वर्णन–वा'ली बेन

गरबी (ચોચોકા.)

મારી *વા'લી બેન છે બહુ છોટી જો,
પણ ડા'પણમાં મોટી જો. ૧

મારી વા'લી બેનને નહિ રઢો જો,
હસતીજ આખો દા'ડો જો. ૨

મારી વા'લી બેન વા'ણે વહેલી જો,
ઊઠે સૌથી પહેલી જો. ૩

મારી વા'લી બેન દાતણ નિત્યે જો,
કરે, ને નાહે પ્રીતે જો. ૪

મારી વા'લી બેન વાળ ઓળાવે જો,
રોજ કપાળ લુછાવે જો. ૫

મારી વા'લી બેન સો સુધી ગણતી જો,
ભાવે "ભૂ પા" ભણતી જો. ૬

મારી વા'લી બેન ચાલી નિશાળે જો,
ચૂકે નહિ કો કાળે જો. ૭

મારી વા'લી બેન સિલેટ સાહી જો,
દીસે છે બહુ ડાહી જો. ૮

મારી વ'લી બેન પેન તો માગે જો,
સૌને વા'લી લાગે જો. ૯

---

* જ્યારે આવું (') અધ્યાહાર ચિહ્ન મૂક્યું હોય ત્યાં કોઈ હકારનો ઉચ્ચાર છે એમ જાણવું. જેમકે વા'લી એ વહાલી લખ્યું હોય ત્યારે જેમ વાંચીએ છીએ તેમ વાંચવું.

મારી વા'લી બેન ઠમ ઠમ ચાલે જો,
ચોપડી હાથમાં ઝાલે જો. ૧૦

મારી વા'લી બેન પાઠ કરે છે જો,
સૌમાં સરસ ઠરે છે જો. ૧૧

મારી વા'લી બેન વાંચે વાતો જો,
હરખ સરવને થાતો જો. ૧૨

મારી વા'લી બેન લેઇને તાળી જો,
ગરબી ગાય રસાળી જો. ૧૩

મારી વા'લી બેનના બોલ મીઠા જો,
દુનિયામાં નહિ દીઠા જો. ૧૪

મારી વા'લી બેન વા'લાં લાગો જો,
મન ગમે તે માગો જો. ૧૫

છોડીઓનો ઉજાણી

ગરબી (અષ્ટચોકા.)

સૌ અલીઓ હળીમળી આવો, આજ,
આપણે કરીએ ઉજાણી,
સૌ કાંઇ કાંઇ ઘરથી લાવો. આજ, આપણે૦ ૧

કો લાવી ચણા, કો ધાણી, આજ, આપણે૦
કો કોપરૂં ખાંડ તો આણી. આજ, આપણે૦ ૨

કો ખજૂર ખોળી લાવી, આજ, આપણે૦
કો ચારોળી ચાવતી આવી. આજ, આપણે૦ ૩

કો કહે એ થઇ તો +અજીઠી, આજ, આપણે૦
કો લાવી બદામો મીઠી. આજ, આપણે૦ ૪

કોએ પસ્તાં સસ્તાં આણ્યાં. આજ, આપણે૦
સૌએ*ખોરાં ખૂબ વખાણ્યાં. આજ, આપણે૦ ૫

કો કોકડીઓ, કો દ્રાખો, આજ, આપણે૦
કો લાવી મૂળો આખો. આજ, આપણે૦ ૬

કો બરફી બરફજ સરખી, આજ, આપણે૦
જોઈ બાળક કૂધાં હરખી. આજ, આપણે૦ ૭

કોઈ પેંડો લાવી પ્રેમે, આજ, આપણે૦
નહિ કોઇથી ભાગ્યો કેમે. આજ, આપણે૦ ૮

પણ પત્થરથી તે હાર્યો, આજ, આપણે૦
કો લાવી લાડવો સારો. આજ, આપણે૦ ૯

કો કહે ખપે ન અમને, આજ, આપણે૦
કહ્યું નહિજ મૂકીએ તમને. આજ, આપણે૦ ૧૦

કો લાવી સકકરપારા, આજ, આપણે૦
ગોળપાપાડી, મમરા ખારા. આજ, આપણે૦ ૧૧

કો લાવી ગાંઠીઆ ગમતા, આજ, આપણે૦
તે તો ગટ કરી ગયાં રમતાં. આજ, આપણે૦ ૧૨

કો લાવી પકવાન પાંચે, આજ, આપણે૦
જોઈ જીભ સળવળે સાચે, આજ, આપણે૦ ૧૩

કોઈ દળ મગદળ ગળગળતું, આજ, આપણે૦
કોઈએ આણ્યું અથાણું મોંમળતું. આજ, આપણે૦ ૧૪

કો ખોબો ભરી ખારેકો, આજ, આપણે૦
કો લાવી પાપડ સેક્યો. આજ, આપણે૦ ૧૫

+એઠી, બોટેલી. *પસ્તાં ખોરાં છે એમ સૌએ કહ્યું.

કો છાનું છુપવી લાવી, આજ, આપણે૦
પાછી વાળી જેવી આવી. આજ, આપણે૦ ૧૬
બેન એતો ચોરી કહેવાશે, આજ, આપણે૦
કહ્યા વિના ન લાવવું કાંઈ એ. આજ, આપણે૦ ૧૭
રોતી આવી એક બિચારી, આજ, આપણે૦
નથી આપતી મા કંઈ મારી. આજ, આપણે૦ ૧૮
એને પ્રેમે પાસ બેસાડી, આજ, આપણે૦
સૈએ મીજબાની તો માંડી. આજ, આપણે૦ ૧૯
સૌ વ્હાલથી વહેંચી ખાઓ, આજ, આપણે૦
ખાઈ પીને ગરબા ગાઓ. આજ, આપણે૦ ૨૦

गुजरातनो वनस्पतिवैभव–भाग १ लो

गरबो (ચોચોકા)

રુડો ! રુડો ! મુલક ગુજરાત રુડો !
જગદીશે જગતમાં ખૂબ ઘડયો ! ૧
જયાં જુઓ ત્યાં લીલાલહેરજ છે !
ધનધાન્યે *ભૂધરની મહેરજ છે ! ૨
બહુ જુવાર, બાજરી, ડાંગરને,
ઘઉં, ચણા, વટાણા, ઝાલર ને, ૩
ઘણી તુવર, ને મગ, ચોળા જયાં,
મઠ, અડદ, મકાઇ, જવ ઝાઝા. ૪
વળી વળી, દિવેલી તલ અળશી,
આદિ ચીજો હજારો હજાર કળશી ! ૫

---

*પરમેશ્વર.

એ ગણે ગણાય ન કહું સાચું,
ગુજરાતે પાકે સોનું કાચું ! ૬

કાચું રાખ્યું નથી કંઇ કીરતારે !
કરી કૃપા ભરતખંડ પર ભારે. ૭

ભૂંડો ભુંડી આપણીજ છે ભાઇ,
કે ગયા ડૂબી દળદર માંહી. ૮

આવો મુલક મળ્યો હોય બીજાને,
દુઃખ બોલ જનમમાં ન તે જાણે. ૯

શોક અકલહુનર નહિ કંઇ આણે,
જુડો મમત, ગાડરવત બહુ તાણે. ૧૦

મૂકી મમત, આળસ, ઇર્ષા સર્વે,
દેશદાઝે ઘૂમો ઘૂમો ! ગર્વે. ૧૧

કરો ગર્વે ગરૂઓ મુલક પાછો !
સૂતાં બેઠાં સ્વદેશનું સુખ વાંચ્છો ! ૧૨

સંપ સજી, ભજી વિદ્યામાતા,
થઇ હુન્નરકામમાં મદમાતા. ૧૩

કસી કમર, પલકમાં ખુંખારી,
બહાર પડો ! ફ્નેહ છે કહું ધારી. ૧૪

ભાગ ૨ જો

(રાગ ઉપર પ્રમાણે)

ખરે ખરો બગીચો ગુજરાતજ,
ફળ્યો ફૂલ્યો ને ફાલ્યો પ્રખ્યાતજ ! ૧

ઝાઝાં ઝાડોનાં ઝૂંડજ જ્યાં દીસે,
જોતાં જોતાં જે જીવ હરખી હીસે. ૨

વડ ઘટા ઘાલે ચોગમ ફરતી,
જે નીચે સેનાઓ ઉતરતી. ૩

ઊગે આંબાઓ હારોહાર ઘણા,
કહો કેરીના સ્વાદમાં શીજ મણા ? ૪

રુડી રુડીરે લીમડાની છાયા,
ભુંડી ભુંડીરે આમલીની માયા, ૫

કેવો કેવો કપાસનો છોડ સારો ?
જાને નાનો જગતને ઢાંકનારો ! ૬

શું ખીલ્યું આ ખેતર ખસખસનું !
હોય અફીણુ અમૂલ્ય જે રસનું ! ૭

બુધહીણા વિના ખપ જો ખાયે,
ખરે મરેજ એનો ન વાંક કાંએ. ૮

શી શોભે આ ઉભી શેલડીઓ !
કેવી ઝૂકે છે, જોજો ચમરીઓ ! ૯

મોટું પેલું ફણુસનું ફળ કેવું ?
દાસે હાથીના કુંભસ્થળ જેવું ? ૧૦

જોજો ઝાડો જવાહીરનાં સહુ રે,
કોને મૂકું, ને કોને હું ગાઉં રે. ૧૧

આસોપાલવ, કદંબ, પીપળ, બીલી,
તાડ ઉંચું રહ્યું ગગન ઝીલી. ૧૨

વાંસ. સાગ, સરગવો, ને બાવળ,
ખેર, ખાખર, ખજૂરાં ને આવળ, ૧૩

જમરૂખી, કમરખી, બોરડીઓ,
સીતાફળી, કદળી, દાડમડીઓ. ૧૪

જો કોઠી, રાયણ, લીંબુ, જાંબુ,
નારંગી, અંજીર, શેતુર લાંબુ. ૧૫

વળી પપાઈ, ફાલસાં ને દ્રાખો,
હોય મેવા મઝાદારજ લાખો. ૧૬

भाग ३जो

(રાગ ઉપર પ્રમાણે)

ફૂલ મઝા તો આપણા દેશજની !
સોનું ને સુગંધ બે, સજની ! ૧

ફૂલ રંગબેરંગી કેવાં છે !
જૂડી આંખેજ વળગે એવાં છે ! ૨

ને સુગંધ શી સુંદર સારી !
રહ્યો બેંકી મુલક બધો ભારી. ૩

જુઇ, જાઈ, કેતકી, સાહેલી,
પારિજાતક, ચંપો, ચંપેલી. ૪

ગુણી ગુલાબ, મોગરો, બટમોગરો,
ગુલછડી, તગર, તુલસી, ડમરો. ૫

મઘમઘી રહ્યાં વન વન ચોગમ,
નામ લેતાંજ આવે છે સોરમ. ૬

શાં ખીલે કમળ જળમાં ચોપાસ !
શાં સોહામણાં સાંજે ગુલબાસ ! ૭

શા શોભી રહ્યા આ ગુલ્લાલા !
કેસુડાં, કસુંબો લાગે વા'લા. ૮

પેલાં સુંદર સૂૅરજફૂૅલ સૂરજની.
પૂઠે ફરે છે પ્રેમે, ઓ સજની. ૯

પેલી પોયણી પરણી ચાંદસું,
જોય ચાંદો, ને જો, આવે *હાસું ! ૧૦

ખૂબ ખીલ્યાં કરેણાં, તનમનીઆં,
ધંતુરા તુરી સમ છે બનીઆ, ૧૧

જાણે પુકારે વનવૈભવ ઈશનો !
વનલીલામાં વાસ છે જગદીશનો. ૧૨

જ્યાં જોઉં ત્યાં ઈશ્વર સભર ભર્યો !
ધન ભાગ્ય **નવલ**, ભવસાર સર્યો ! ૧૩

निशाळनुं वर्णन

ગરબી (ત્રિઅર્ધી)

મા, મને નિશાળે મૂકને પાય લાગું મા,
મા, ભાગ તું મારી ભૂખને મુખ માગું, મા. ૧

મા, મારી મારા જેવડી બેનપણીઓ, મા,
મા, જો જો ચાલી આ ચોપડી લઈ ઘણીઓ, મા. ૨

મા, જો જો કેવી એ જાય છે, મનમોજે, મા,
મા, જાયજ તો ત્યાં ગવાય છે ગીત રોજે, મા. ૩

મા, ભરી રૂપાળા રંગથી એક પેટી, મા,
મા, તે તો જુએ એ ઉમંગથી ત્યાં બેઠી, મા. ૪

---

*હાસું હસવું, એટલે ચન્દ્રોદય પછી ઉજળા સોહામણી દેખાય છે.

મા, ખેલવણાં ખુશકારની છે બીજી, મા,
મા, જેને કહે છે આકારની જન રીઝી, મા. ૫

મા, વળી ચળકતે ચોકડે રૂપાળા, મા,
મા, ઘણા લખોટા, જે વડે ગણે બાળા, મા. ૬

મા, નકશા નવરંગી. નવા, તકતકતા, મા,
મા, ભીંતે ભલા ખૂબ ભેરવ્યા જાણે તખ્તા, મા. ૭

મા, ગોળો ચોગમ ચિતર્યો એક ત્યાં છે, મા,
મા, ચકર ચકર ફરતો ખરો કહું સાચે, મા, મા. ૮

મા, એક દિવસ ત્યાં ગઇ હતી, સખી સંગે, મા,
મા, તેજ દિવસથી થઈ મતિ "ભણું રંગે મા", મા. ૯

મા, નિશાળમાં તો છે મઝા ભણવાની, મા,
મા, એક વાગે આપે રજા રમવાની, મા. ૧૦

મા, મે'તાજી માયા બધા પર બહુ રાખે, મા,
મા, શાંત સ્વભાવે તે સદા મીઠું ભાખે, મા. ૧૧

મા, શીખવવાની શી છટા છે ત્યાંહી ! મા,
મા, ચિત્ત ચોટે ચોગમ ઘટા રહે છાહી ! મા. ૧૨

મા, આવી નિશાળે તો જવું તે મોજજ, મા,
મા, ગમે રમ્યાથી શીખવું જ્યાં રોજજ, મા. ૧૩

મા, જો નિશાળજ બહારથી રઢ લાગે, મા,
મા, જો જઇ ભણીએ પ્યારથી ભાગ્ય જાગે, મા. ૧૪

મા, ભણતર વણ નરનાર રહે પશુ સરખાં, મા,
મા, વિદ્યામાં મેં અપાર રે સુખ નિરખ્યાં. મા. ૧૫

(ચોથું ધોરણ ભણનારીઓને સારૂ)

ઈશ્વરનું સ્તવન

ગરબી (ચોછક્કા)

જે આ જગતને નિભાવે, ભજું તેજ ભાવે;
ખલક પલકમાં બનાવે, ભજું તેજ ભાવે. ૧

ચાહે ત્યારે ઝટ ડુબાવે, ભજું તેજ ભાવે;
તે તો વિશ્વનાથ કહાવે, ભજું તેજ ભાવે. ૨

જે આ સૂર્યને શોભાવે, ભજું તેજ ભાવે;
જે આ ચંદ્રને ચળકાવે, ભજું તેજ ભાવે. ૩

ઘુમટ ગગનનો ટેકાવે, ભજું તેજ ભાવે;
અસંખ્ય ગોળાઓ ગબડાવે, ભજું તેજ ભાવે. ૪

જડને ધર્મ જે ધરાવે, ભજું તેજ ભાવે;
મનને મુક્તિસું ચઢાવે; ભજું તેજ ભાવે. ૫

જે છે પ્રાણનો આધાર, ભજું તેજ ભાવે;
જે છે સારમાંનું સાર, ભજું તેજ ભાવે. ૬

જે છે ડાહ્યો દયાવંત, ભજું તેજ ભાવે;
જેને નહિજ આદિ અંત, ભજું તેજ ભાવે. ૭

સકળ શક્તિનો જે ભૂપ, ભજું તેજ ભાવે;
જે છે એક ને અનુપ, ભજું તેજ ભાવે. ૮

જે છે અકળ ને અરૂપ, ભજું તેજ ભાવે;
જ્યાં મનવાણી હોય ચૂપ, ભજું તેજ ભાવે. ૯

જેને **નર્મદ** કહે શુંજ ! ભજું તેજ ભાવે;
તે તો તુંજ, તુંજ, તુંજ, ભજું તેજ ભાવે. ૧૦

ચોમાસું

ગરબી (ત્રિતાલી ચોછક્કા)

પેલી વાદળીઓએ ઘૂમાઘૂમી માંડીરે !
હવે આવશે ચોમાસું શું ? એ ઝાડીરે. ૧

હાં હા ! હજી નહિ શું આવે ? ધામ કેવોરે !
ફેરી બાફમાંજ ઘાલી હોય એવોરે ! ૨

નથી હાલતું ઝાડોનું એક પાન* રે;
ફર્યો પવન જઇ ઠર્યો હવે ઇશાન રે. ૩

નહિ શ્વાસ રે લેવાય, જીવ રૂધાયે રે;
પાંખ પંખીઓ વિખેરી ધૂળે નાહે રે. ૪

ભુંડી અંગે આ અળાઇઓ કરડી ખાયરે !
પડે સાંજ ત્યારે કાંઇક સુખ થાયરે. ૫

અધવાર્યો અષાડ, ઉંચું જોઇએરે !
હવે મેહુલે તો મે'ર કરી જોઇએરે ! ૬

ખોદી ખેડીને ખેડુત ચાસ પાડીરે;
ઉભા ખેતર જુએ વાટ દા'ડીરે. ૭

બેઠા ઠામ ઠરી પ્રવાસી ખલાસીરે;
વળી વેપારી, અધિકારીઓ, સંન્યાસીરે. ૮

બેઠી મોસમ, પડયાં બંધ બધાં વા'ણોરે;
નદી નાળે નીર ન, જાય હરણ પ્રાણોરે. ૯

લુખી ભૂખી ને સુકી ખડંગ ભોંયરે;
"પય પય" પોકારે છે, જોડે પપૈયા રે. ૧૦

---

* એક પાંદડું પણ.

પ્રાણી માત્રનો આધાર મેઘરાજા રે;
આવો, આવો, મહારાજ રાખો માઝા રે ! ૧૧

ધાતાં ધાતાં કાળાં કાળાં વાદળ આવેરે;
ગગન ઘેરીને અંધારકોટ બનાવે રે. ૧૨

થાય ચમક ચમક વીજના ચમકારા રે;
કડડ કડડ કડડ કડકડયાં નગારાં રે. ૧૩

છૂટ્યો પવન આવ્યું લહેરૂં હાશ ! સારૂં રે !
ક્યાંહી વરસ્યો એ નિશ્ચે હું તો ધારૂં રે. ૧૪

પડ્યો ! ઓ પડ્યો ! પડ્યોજ મુશળધાર રે !
નવલ સુગંધ ઉઠી, શાંતિ થઇ સંસારે રે ! ૧૫

જનાવરની જાન

(છચોકા) ધોળ

જાન જનાવરની મળી ॥ મેઘાડંબર ગાજે;
બકરીબાઇનો બેટડો ॥ પરણે છે આજે. ૧

ઢોલ, નગારાં, ભેર ને ॥ સૂર સરણાઇ તીખાં;
સો સાંબેલા શોભીતા ॥ બેઠાબેઠી ઘેટીનાં. ૨

ઠીક મળી ઠઠ લોકની ॥ જરા ઠામ ન ઠાલો;
દોડે વરનો બાપ ત્યાં ॥ હડપડ દાઢીવાળો. ૩

સાજનનું શું પૂછવું ॥ બકરે કરી જોરો;
ભેગાં કર્યાં છે ભાવથી ॥ મોટાં મોટાં ઢોરો. ૪

દાના માના આખલા ॥ રાખી શીંગડાં સીધાં;
આગળ માર્ગ મુકાવના ॥ પદ *પોલીસ લીધાં. ૫

*જાણે પોલીસનું કામ કરતા હોય, તેમ તઆ માર્ગ મુકાવતા જાય છે.

સાજને શ્રેષ્ઠ ઊંટડા ॥ હીંડે ઉંચી ઓડે;
એનાં અરાડે વાંકડાં ॥ કામદારોની ગોડે. ૬

હારમાં એક બે હાથી છે ॥ મોટા દાંતજવાળા;
નીચું ન્યાળીને ડોલતા ॥ હીંડે શેઠ સૂંઢાળા. ૭

હાથી ઘેડા તો છે ઘણા ॥ હાર રોકતા પાડા;
કાળા ઢઢંગા ને થયા ॥ ખડ ખાઈ જડ જાડા. ૮

આંખ ફાટી છાતી નીસરી ॥ કરતા ખૂબ ખુંખારા;
હીંડે ઉછળતા ઘેડલા ॥ સાજન થઈ સારા. ૯

ટટ્ટુઓ ટચુમચુ ચાલતાં ॥ પૂંઠે ગરીબ ગધેડા;
હાજી હાજી કરી હીંડતા ॥ *ડીફાં વિના અતેડા ૧૦

હારોહાર હજારો આ ॥ માંહે માંહે લપાતા;
કોણ આવે કામળ ઓઢીને ॥ એ તો ગાડર માતા. ૧૧

પીતરાઇઓ વહેવાઇના ॥ એને અકલ ન કોડી;
આડા અવળા એકેકની ॥ પૂંઠે જાય જો દોડી. ૧૨

બકરા તો વરના બાપ છે ॥ હોય એનું શું લખું!
શું સાગર શીંગડાં તણો ॥ હું તે આજે આ દેખું! ૧૩

વરનો તે ઘોડો આવીયો ॥ વાજે વાજાં વિલાતી;
ભેર ભૂંગળ ને ઝાંઝરી ॥ ભેગું ભજતી જાતી. ૧૪

વરરાજા બે માસનું ॥ બાળ બેં બેં કરતું;
ઝડપાયું ઝપ ઝોળીનાં ॥ મન માડીનું હરતું. ૧૫

મંગળ બકરી બાઈ તો ॥ ગાય હરખી હરખી;
જોડે જાંદરણી ઘણી ॥ કોડે જેરાજ સરખી. ૧૬

---

* ડીફાં: વિના_જેને ચાલવું ફાવતું નહિ હોય એવા ગધેડા.

બકરીબાઇ એ નાતની ॥ ને બીજી ધણીઓ;
આણી આડોશ પાડોશણો ॥ બાપડી બેનપણીઓ. ૧૭

ભેંસ, ભુંડણ, ને ઊંટડી ॥ ઘેટી, ઘોડી, ગધેડી;
ગાય, બિલાડી, ઉંદરડી ને ॥ એક કુતરીએ તેડી. ૧૮

વાંદરીઓ નથી વીસર્યાં ॥ દસ વીસ આ કૂદે;
સાથે સામટાં ગાઇ સૌ ॥ સાતે સૂરને છૂંદે. ૧૯

કોઇ બેંબેં કોઇ ભેભેં કરે ॥ કોઇ ભૂંકતી ભુંડું.
કોઇ ચુંચું મ્યાઉંમ્યાઉં કરે ॥ વેર વાળે કો કૂડું. ૨૦

હૂક હૂક કરતી વાંદરી ॥ જોજો! નાચે છે કેવી!
ધન ધન બકરી! ન કોઇની ॥ જાન તારા તે જેવી! ૨૧

ચારપગાંની જાન આ ॥ જોડી બેપગાં સારૂ;
સમજો તો સાર **નવલ** બહુ ॥ નહિ તો હસવું તો વારૂ! ૨૨

भणवानो वखत जाय छे

ગરબી (સપ્ત ચોકા)

જાય છે, જાય છે, જાય છે, રે,
આ વખત ભણવાનો વહી જાય છે. } ટેક.
થાય છે, થાય છે, થાય છે રે,
બહુ પછી પસ્તાવો થાય છે.

બાળપણ ભણવાનો અવસર,
જીવના જીવતર માંહ્ય છે રે. આ વખત૦

ખેડુત જો ચોમાસું ન ખેડે,
આખું વરસ પસ્તાય છે રે. આ વખત૦

બાળપણું વીત્યું કે ભણ્યાનો,
કાળ વીત્યોજ ગણાય છે રે. આ વખત૦

ગિરફ્તારી પછી દુન્યાની,
તેમાં તે શું ભણાય છે રે. આ વખત૦

કદી વખત મથીને કાઢે પણ,
કુમળીજ ડાળ વળાય છે રે. આ વખત૦

પાકી કોઠીએ ચડે ન કાના,
ટપુ ટપુ વાંચી ગભરાય છે રે. આ વખત૦

ભણ્યા વિના નરનાર નિંદાને,
દુઃખદારિદ્રે રિબાય છે રે. આ વખત૦

હાલ રમત રૂડી લાગે છે પણ,
કેડે કુડી દેખાય છે રે. આ વખત૦

રમવું ખરૂં ને ભણવુંએ ખરૂં,
એજ ડહાપણ કહેવાય છે રે. આ વખત૦

ભણ્યા વિના તો સિદ્ધિ ન ભવમાં,
ભણેજ સુખ પમાય છે રે. આ વખત૦

વિદ્યા વણ માણસ પશુ સરખું,
કહેવત સાચી સદાય છે રે. આ વખત૦

જન ને જનાવર જનમ સમે તો,
સમજમાં સરખાં દેખાય છે રે. આ વખત૦

પણ જન તો પંડિત બને છે,
જો જુગતું શીખવાય છે રે. આ વખત૦

વારંવાર વાંચે શીખવેથીજ,
બાળકથી બોલાય છે રે. આ વખત૦

રાખો રણે તો રહેજ મુંગું,
સમજનું મૂળ દિસાય છે રે. આ વખત૦

લો સર્વે શિક્ષા, શિક્ષણથીજ,
માણુસ મોટું મનાય છે રે. આ વખત૦

નવલ કહે જે અભણુ રહે તે,
પશુવત્ પામરા થાય છે રે. આ વખત૦

ગાયના ગુણ

ગરબો (ચોચોકા)

લાગે મને, ગાય તું ઘણી વહાલી;
ઓ ગોરી ગરીબ, ને ગુણવાળી! લાગે૦ ૧

તારૂં રૂપ મને રૂડું લાગે,
મુખ જોતાં ભૂખ બધી ભાગે. લાગે૦ ૨

ધોળું અંગ ને શીંગડીઓ કાળી,
આંખ રાંકડી, કાળી, હેતાળી. લાગે૦ ૩

તારે કંઠે ઘંટડી ઘણુઘણુતી,
ચારે ચરણે ઝાંઝરી ઝણુઝણુતી. લાગે૦ ૪

ગોવાળેથી પાછી તું વળતી,
ત્યારે બાં, ભાં, બાં, ભાવે ભણુતી. લાગે૦ ૫

આપે ઉછળો વાછડું થનથનતાં,
પેસે પોળમાં પ્રેમે તું તે સુણુતાં. લાગે૦ ૬

હોંડે હરખે, ઉછળતી તું ઘેલી;
તોએ કોને મૂકે ન તું ઠેલી. લાગે૦ ૭

વાટે એઠાં બાળ બચાવી લે;
એવી ડાહી દયાળુ તું દીસે. લાગે૦ ૮

મારનાર ઉપર પણ તું ભાંરે;
નથી કરતી રીસ અતિશય કયારે. લાગે૦ ૯

તેં તો ધર્મનો મર્મજ, પરમ લહ્યો;
ગૂઢ *ગરીબપણાનો ગુણ ગ્રહ્યો! લાગે૦ ૧૦

તું તો રોજ, પરોપકારે રાજી;
તારો જશ જગમાં છે રહ્યો ગાજી. લાગે૦ ૧૧

તું ધોળી, ને ધોળું દૂધ તારૂં;
ગુણકારી, સ્વાદભર્યું સારૂં. લાગે૦ ૧૨

દહીં દૂધ, ઘી, માખણ, ને છાશ;
જેમાં સર્વ સ્વાદ તણા વાસ. લાગે૦ ૧૩

એ પાંચે, અમૃત પૃથ્વી પર જે;
તે અમ અર્થે, તું તો સરજે. લાગે૦ ૧૪

બર્ફી, ને પેંડા, ને માવો;
બાસુદી શ્રિખંડનો બડો લાવો. લાગે૦ ૧૫

તે તો તારી પ્રસાદી, ઓ સુખદાતા!
ગાય માતા, તું સાચીજ છે માતા. લાગે૦ ૧૬

તારા પ્રેમનો પાડ, હું કેમ વાળું ?
આવ, આવ, હું હેતે પંપાળું ! લાગે૦ ૧૭

---

* ગરીબાઈ—રાંકપણું—ધર્મની મુખ્ય મતલબ છે, ને તે તેં બરાબર પકડી રાખી છે.

*તારી શીંગડી, સુંદર સિંદુરે;
રંગી સોને, શણુગારૂં હું રે. લાગે૦ ૧૮

કરૂં ચાંદલો, ને ચોખા ચોડું;
ફૂલહાર પહેરાવી, નિરખું મોઢું! લાગે૦ ૧૯

તારૂં ઝગમગતુ જ્યેતિજ સરખું
મુખ ભાળી, હરખું ને નિરખું. લાગે૦ ૨૦

ધન! ધન! ધેનુ! રૂપ ગુણધામ;
ગુણ ગાયના, ગાય **નવલરામ.** લાગે૦ ૨૧

ચોમાસાના ચાર માસ

ગરબી (ત્રિતાલી, અષ્ટ ચોકા.)

ચોમાસાના ચાર માસછે સારા રે;
લીલી સાડી સુંદર સજે [1]ધારા. ચોમાસાના૦

ધોરી માસ અષાડ તે કહાવે રે,
વરસાદને દોરી લાવે રે,
જોકે પહેલાં કંઇક તપાવે. ચોમાસાના૦

કડકડીને પડે મેઘરાય રે,
પડે પાણી, ને નેવે ન માય રે;
ધો, ધો, ધોધ બધે સંભળાય! ચોમાસાના૦

---

*આ બે કડીમાં કહ્યા પ્રમાણે ધનતેરસને દહાડે ગાયને લોકો ગુજરાતના કેટલાએક ભાગમાં શણગારે છે. ૧ પૃથ્વી.

નદી નાળાં તળાવ ભરાય રે,
જળ જળ પળમાં થઇ જાય રે;
ડુબ્યું જાણે જગત જળમાંય ! ચોમાસાના૦

હોય વંન ધરી સજીવન રે,
નાચે ગિરિ પર મોર થનથન રે;
કરે કળા ને હોય મગન. ચોમાસાના૦

શ્રાવણ માસે સરવડાં હોય રે,
ગામ બહાર મેળે સૌ કોય રે;
જઇ લીલું લીલું બધે જોય. ચોમાસાના૦

માથે મેઘનો માંડવો આવ્યો રે,
નીચે લીલો ગલીચો બિછાવ્યો રે;
વચ્ચે મનહર મચ્છ× ઝળકાવ્યો. ચોમાસાના૦

જીવ જંતુઓ નીપજે ઝાઝા રે,
જ્યાં જોઈએ ત્યાં છોડ છે તાજા રે;
શાકભાજીનો શ્રાવણ રાજા. ચોમાસાના૦

ભાદરવે તે ભડકી ઊઠયો રે,
"બાકી સાકીનું લો, હું તૂઠયો રે;
કદી કહેશો ન કે હું રૂઠયો." ચોમાસાના૦

એમ કહીને કડાકડી માંડી રે,
રણ્યા વાઘ ને સિંહ બરાડી રે;
વીજ ઝબુકી ગગનને ફાડી. ચોમાસાના૦

દીસે સૂરજ ન, થઈ રહી હેલી રે;
આવ્યો હરીઓ ઉલેચીજ, હેલીરે!
તોડી તેડ, ને નદીઓ રેલી. ચોમાસાના૦

× મેઘધનુષ.

આસો માસે ફળી જનઆશા રે,
પાકયાં ધાન્ય ધરતીપર ખાસાંરે;
રહે ખેડુતો ખેતરે વાસા. ચોમાસાના૦

ઊડે પંખી લાખો હરખાતાં રે,
ગાય ભેંસ બળદ ચરે માતાં રે;
ઉંચે આભ રૂપેરી જો, જોતાં. ચોમાસાના૦

ખીલ્યાં કમળે તળાવો છાયાં રે,
આ બે સારસને શી માયા રે!
જો જો ચંદ્ર, ચકોર તો ધાયા. ચોમાસાના૦

શરદ્‌ચંદ્ર પુનમ બલિહારી રે!
ગીત ગાય નવલ નરનારી રે!
હવે દીવાળીની તૈયારી! ચોમાસાના૦

પાંચમું ધોરણ ભણનારીને સારુ

मातृस्तवन

ધોળ (ચોચોકા.)

જ્યારે હું હતું પશુ અજ્ઞાન રે,
નહોતું ખાન કે પાનનું ભાનરે;
ત્યારે કોણ મારી સંભાળ,
કરતું ધરી વા'લ? તે તો તુંજ માવડી!

કોણ ઊંઘતું હેતે ઉઠાડીને,
કોણ અંગનું હીર ધવડાવીને;

થતું હુંથી અધિક પ્રસંન,
પોતાને મન ? તે તો તુંજ માવડી !

માથું મારી ઉછાળી હું લાતરે,
ધાવું તેમ તેમ થઇ રળિઆતરે;
કોણ મીડડાં લેતું મુખ,
પામી મહાસુખ ? તે તો તુંજ માવડી !

મને કોણ ઉડાડી બેસાડતું ?
મને કોણ રિઝાવી રમાડતું ?
કોણ ગાતું ઉંઘાડવા ગીત,
પ્રફુલ્લિત ચિત્ત ? તે તો તુંજ માવડી !

જરા માથું દુઃખે કદી માહરૂં,
કોણ ચોંકી થતું દેખી બ્હાવરૂં ?
કરી* કરીને કડવા ક્વાથ,
પીતું ખુશી સાથ ? તે તો તુંજ માવડી !

કોણ શીખવતું બોલતાં ચાલતાં,
કોણ કહેતું મનોહર વારતા ?
દીહા દા'ડી અસંખ્યજ દોષ,
તોએ ન કર્યો રોષ. તે તો તુંજ માવડી !

તારા પ્રેમના પાર પમાય ના,
તારાં કર્યાં તે–કોએ કરાય ના;
અરે તેં મળમૂત્ર અથાગ,
વહ્યાં લહ્યાં ભાગ્ય ! ધન ! ધન ! મારી માવડી !

તારો પાડ શું વાળું વળાય ના;
મૂકી માથું ખોળામાં હું માયના;

---

* પથ્ય.

બોલું નવલ ગગળો થઈ વાણ
"તારૂં છે કલ્યાણ !" જય ! જય ! મારી માવડી !

गुजरातनी मुसाफरी

ગરબી (અઠસસે ચોકો, રૂપક તાલ.)

દક્ષિણમાં છે દમણગંગા ॥ ત્યાંથી નીકળીએ પ્રવાસરે;
અમલસાડ, વલસાડ, નવસારી ॥ લેજો ફણુસ અન્નાસ,
રમીએ ગુજરાતે રે. ૧

આ શોભે કદળીવન શીતળ ॥ શી મ્હેકે લીંબુવાઇ રે;
આંબા ઇફ્રાના* અમૃત સરખા ॥ હરખી કહે દેશાઈ.
રમીએ ગુજરાતે રે. ૨

સુરત શે'રનું સુંદર દરશન ॥ સુંદર રસ્તા સારારે;
સુંદર, નાજુક, લોક વિચક્ષણ ॥ શોખીં સફાઇ કરનારા.
રમીએ ગુજરાતે રે. ૩

ઓ ! આવી ખરરીની દુકાનો ॥ ઉભા રહો રઢ લાગેરે !
પાપડી પણ આપણુ આ ટાણે ॥ પામ્યા પૂરણ ભાગ્યે !
રમીએ ગુજરાતે રે. ૪

જરૂર નાતમાં જમવા જઇએ ॥ જમણુ આવાં નથી નિરખ્યાંરે!
ચિનાઇ સાડી ચપડા ચમકે ॥ સર્વ લખેશ્રીજ સરખાં.
રમીએ ગુજરાતે રે ૫

---

*એ પાસના —એ મુલકમાં અહીં ને બદલે ઈફ્રા કહે છે.

મેળા, ખેળા, ને વરઘોડા ॥ નાચ ને રંગ ઠામ ઠામરે;
હસતાં રમતાં દીસે સદા સૌ ॥ કરતાં હશે શું કામ ?
રમીઁએ ગુજરાતે રે. ૬

આગળ આ હતું હિંદુસ્તાનમાં ॥ સૌથી બંદર મોટું રે;
નામીચું દુનિયામાં તે કેમ ॥ છેક થયું હશે ખોટું ?
રમીઁએ ગુજરાતે રે. ૭

તાપી નાહી, લઇ લાહે ગજી ॥ કીનખાબ કિનારી ચાલોરે;
નરબદાનો નિરખી નર પૂજ ॥ નરનાં નરપણુ[1] ભાળો.
રમીઁએ ગુજરાતે રે. ૮

ભરૂચની ટેકરી બહુ બાંકી ॥ ટીંબાં ચઢજો તપાસીરે;
ટેડી પાઘડી કકડતાં કપડાં ॥ રૂમાલ તો ફરમાસી,
રમીઁએ ગુજરાતે રે. ૯

ભાંગ્યું ભાંગ્યું પણ એ છે ભરૂચજ ॥ ભૃગુનો આશ્રમ કહાવે રે;
શે'ર જુનું ગુજરાતે, આજે પણ ॥ રૂ બહુ રેલ[2] ચડાવે.
રમીઁએ ગુજરાતે રે. ૧૦

ત્યાંથી કબીરવડ જોવા જાજો ॥ જગમાં જે છે નવાઇ રે;
જોઇ ડભોઇ પાછા વળજો ॥ માળમાં[3] માલ ન કાંઇ.
રમીઁએ ગુજરાતે રે. ૧૧

મેલ્યું ભરૂચ કે આવ્યું કા'નમ ॥ કાળી ધરતી રસાળી રે;
જ્યાં ચોમાસે જાય કળી પગ ॥ કણબી કન્યા દે ગાળી.
રમીઁએ ગુજરાતે રે. ૧૨

મિઆંગામ ઇટોલું આવે ॥ આવે ઝાડનાં ઝૂંડરે;
ઝાડે ચારે તળ ચરોતરનું ॥ ગોંદરું આ છે પ્રચંડ.
રમીઁએ ગુજરાતે રે. ૧૩

---

૧ મરદાઈ, પરાક્રમ, ૨ રેલ્વેને માર્ગે ૩ પંચમહાલનો માળ પ્રદેશ.

વડોદરે નિર્ભ્રાન્ત ઉતરજો ॥ નથી મલ્હારરાવ ઘેલો રે;
દાણુનું દુઃખ તો છે હજી કાયમ ॥ ગાંઠડી હેડે મેલો.
રમીએ ગુજરાતે રે. ૧૪

લક્ષ્મીવિલાસ ને મોતીબાગ ને ॥ નજરબાગનો મીનારો રે;
જો જો સવારી સાઠમારી ને ॥ નૃપ નવીન પ્રમાણો.
રમીએ ગુજરાતે રે. ૧૫

પાન ને પર્વળ લખ પરવરીએ ॥ શો ઉંચો પૂલ મહીનો રે;
"આવી મહીં ને ચિંતા થઇ!" ॥ એ ઉખાણો હતો અહીંનો.
રમીએ ગુજરાતે રે. ૧૬

આપે જણાય છે આવ્યું ચરોતર ॥ બોલી ને બુદ્ધિ જ્યાં જાડીરે;
જાડી પણ ગાઢી કસવાળી ॥ ધંધેકાસરે[1] હદ વાળી.
રમીએ ગુજરાતે રે. ૧૭

હોય જવું વડતાલ કે ડાકોર ॥ તો વચમાંથી વિચરજોરે;
કપડવંજે કાચ ને સાબુ ॥ જોઇ સુધારો કરજો.
રમીએ ગુજરાતે રે. ૧૮

આવી આનંદે પાછા આણંદે ॥ કે નડિઆદે મળજો રે;
મહમદશાહનું શે'ર જોઇને ॥ અમદાવાદે વળજો.
રમીએ ગુજરાતે રે. ૧૯

અમદાવાદે આદે હતી બહુ ॥ ગાદી મોટી પાદશાહીરે;
જ્યાં ત્યાં મસીદ ને તોડા[2]તે હજી ॥ યાદ આણે છે ભાઇ!
રમીએ ગુજરાતે રે. ૨૦

જુમામસીદ શી મોટી ॥ મહમદશાનું સેન સમાયરે;
જુમામસીદ જોતાં તે વખતની ॥ ઝાંખી આજે થાય.
રમીએ ગુજરાતે રે. ૨૧

---

૧ કરકસર કરવાનો ગુણ. ૨ નાના મિનારા.

ભદ્રની શોભા છે બહુ સારી ॥ ત્રણ દરવાજે કમાન રે;
હઠીસીંગને દહેરે આરસ ॥ ઓપે હીરા સમાન.
રમીએ ગુજરાતે રે. ૨૨

શાહઆલમ સરખેજની શોભા ॥ શી રીતે વર્ણાયરે !
અસલી ઇમારત હુન્નર આગળ ॥ ઇજનેરી લજવાય.
રમીએ ગુજરાતે રે. ૨૩

રાજનગરના જન ઉદ્યોગી ॥ કોડીલા કસરની સાથેરે;
વિવેકી ને વળી પરગજુ પણ ॥ તન મન કણુ[1] ત્રણુ વાતે.
રમીએ ગુજરાતે રે. ૨૪

રસમાં છે અહીં છપ્પા સામળ ॥ કવિના પૂરણુ કામરે;
જેમ સુરતમાં પ્રેમાનંદ ને ॥ વડોદરે દયારામ.
રમીએ ગુજરાતે રે. ૨૫

ગઇ પાદશાહી ઘણા દિવસથી ॥ પણ શાહુ[2] રંગ રાખ્યોરે;
બાંધી સાડાત્રણુ તાંતણે શે'રને ॥ ધંધો ધોકારે દાખ્યો.
રમીએ ગુજરાતે રે. ૨૬

ધોતીજોટા, પીતાંબર, સાડી ॥ જે જોઇએ તે લેજો રે.
બાર બોલાવે બો'તેર આવે ॥ કોક દલાલને કહેજો.
રમીએ ગુજરાતે રે. ૨૭

આવે દલાલ, ને લાવે લટકતા ॥ વેપારી ટોળેટોળાં રે;
લઢે વઢે, દે ગાળ, ખેંચે સમ ॥ ખાય કરે કાગારોળ.
રમીએ ગુજરાતે રે. ૨૮

---

૧ ચપટી દાણો. ૨ વેપારી વાણીઆઓ.

આવોઁ અગાડી ગાયકવાડી ॥ ઘોડા ફરે મદમાતારે;
વડનગર ને વીસનગરે ॥ જાવું પણ નથી જાતા.
રમોઁએ ગુજરાતે રે. ૨૯

સરસ્વતીતીઁર સુંદર સિધપુર ॥ કપિલ મુનિનું ધામરે;
પાટણ પ્રાચીન રાજધાનીને ॥ અહીંયાથીજ પ્રણામ.
રમએ ગુજરાતે રે. ૩૦

કાઠિઆવાડે હાલ નથી ભો ॥ હાલો+ તે ભણી જઇએરે;
દેશી રાજનાં દુઃખડાં - દેખી ॥ દિલમાં દુઃખીઆં થઇએ.
રમોઁએ ગુજરાતે રે. ૩૧

રેત ગઇ ને પાંણા આવ્યા ॥ ઝાડનું દેખું ન નામરે;
ખરે સૈ રાષ્ટ્ર તો ખનિજખજાનો ॥ ખોલ્યાનો ખરો ઠામ.
રમોઁએ ગુજરાતે રે. ૩૨

પ્રથમ જુનાગઢ ચાલો જોઇએ ॥ નરસિંહ મેંતાનો ચોરોરે;
છતું કર્યું ગુજરાત સપૂતે ॥ એનો પાડ ન થોડો.
રમોઁએ ગુજરાતે રે. ૩૩

જામનગર મચ્યું રાગ ને રંગમાં ॥ ભાવનગર ભળપણુમાંરે;
પહેલા વર્ગનું ચોથું ધ્રાંગધ્રુ ॥ પોરબંદર હાલ ગણુમાં.
રમોઁએ ગુજરાતે રે. ૩૪

સુદઢ, તીખા, શોખી, શાણા ॥ મતલબી, ખટપટવાળારે;
મીઠા તો મધથી પણ અદકા ॥ લોક આણીકોર ભાળ્યા.
રમોઁએ ગુજરાતે રે. ૩૫

જોવા લાયક રાજ્ય દીઠાં બહુ ॥ પણ કહોને શું કરીએરે !
રાજાધિરાજની રાજધજા જ્યાં ॥ રાજકોટે જઇ ઠરીએ.
રમોઁએ ગુજરાતે રે. ૩૬

+ચાલો.

દરેક બીજાં રાજ બધાં ત્યાં ॥ આવી પ્રસંગે જાશેરે;
જોઇ રહ્યા, કે વળશું પાછા ॥ પ્રવાસ પુરો થાશે.
રમીએ ગુજરાતે રે. ૩૭

રહી ગયું જોવું દીવબંદર ॥ ને ધોળેરૂં ધોધુંરે;
ખારેઘોડે ખૂટે ન મીઠું ॥ પાણી પણ જ્યાં મોંઘું.
રમીએ ગુજરાતે રે. ૩૮

પશ્ચિમે દ્વારિકા, પૂર્વે કાળી ॥ ઉત્તરે અંબા માતરે;
દક્ષિણે કુંતલેશ્વર એ છે ॥ ચારે ચોકી ગુજરાત.
રમીએ ગુજરાતે રે. ૩૯

ઉના પાણીના કુંડ લસુંદ્રા ॥ ગોધરા, ને ઉનઇએ રે;
ગંધક તો ગંધાય છે ખુલ્લો ॥ રામ સુધી શીદ જઇએ ?
રમીએ ગુજરાતે રે. ૪૦

વિમળશાહનાં દે'રાં બળેલાં ॥ લાવા રસમાં+ દટાયાંરે;
જોતાં જાણે જ્વાળામુખીનું ॥ જોર જે જન છે ડાહ્યા.
રમીએ ગુજરાતે રે. ૪૧

રહી છેવાડે છાવણી ડીસા ॥ હવાપાણી જ્યાં સારાંરે;
પાલણપુર ઉપરથી થઇને ॥ આબુજી જોવા ધાર્યા.
રમીએ ગુજરાતે રે. ૪૨

વળી વનસ્પતિ વિધવિધ ઔષધિ ॥ જૈન દે'રા જયકારી રે;
"અઠે કઠે" કરનાર મેવાડ ને ॥ મારવાડની અહીં બારી.
રમીએ ગુજરાતે રે. ૪૩

+પૃથ્વીની અંદર જે બળતો રસ છે તે જ્વાળામુખી ફાટે ત્યારે બહાર ઉભરાઇ આવે છે.

વાદળાં અંગે અડકી હીંડે ॥ ટાઢે જવાય હુંઠવાઇરે;
પાલીતાણે, ગીરનાર શેત્રુંજે ॥ ભૂલ્યા આપણે જવું ભાઇ.
રમીએ ગુજરાતે રે. ૪૪

રાધનપુર જઇ રણને ઝાંખવું ॥ કચ્છભૂજ જ્યાંથી જવાયરે;
માંડવી બંદરથી ઉપડતાં ॥ મુંબઇ બોટે[1] અવાય.
રમીએ ગુજરાતે રે. ૪૫

મુંબઇ તો અલબેલી કહાવે ॥ જાણીતી જગમાંહ્ય રે;
વિદ્યા હુનર, વેપાર ને રાજનું ॥ નૂર નવલ શું ગાય.
રમીએ ગુજરાતે રે. ૪૬

चैत्र मासनु चित्र

ગરબી (ચોછક્કા.)

ચતુર, ચૈત્રને વસંતવર્ગે શીદ ભણ્યો જો?
લોકે ક્યારનો ઉનાળે ગુણ લેખી ગણ્યો જો?

પડે તાપજ બપોરે, તોબા તે થકી જો;
રુડી રાત્રિ ને સવાર, સાંજ છે નકી જો. ચતુર૦

રાતે નિર્મળા આકાશે, તારા ઝગઝગે જો;
ચોગમ ચાંદનીમાં ચંદ ચારુ ચગચગે જો. ચતુર૦

સાંજે વા'ણે શીતળ મંદ પવન વાય છે જો;
એથી નિશાળો સવારમાં ભરાય છે જો. ચતુર૦

પણ જંત્ર વેળા ધરતી ધગી જાય છે જો;
છત્રી જોડા વિના ડગલું ના મુકાય છે જો. ચતુર૦

---

[1] આગબોટ.

પડે તાપ તપે તાલકું માથું ભમે જો;
લોહી ઉકળે ને આવે ઊંઘ આ સમે જો. ચતુર૦

ઊંઘે વાઘ નાગ આદિ શોધી છાંયડા જો;
બેઠાં ઝાડ પર, જો ડોલાં ખાય પંખીડાં જો. ચતુર૦

પેઠાં માળામાંએ બાળપંખી તરફડે જો;
નવલ કહે લાગે લૂ, બાળક બહાર રડવડે જો. ચતુર૦

वैशाख मासनुं चित्र

લૂ લૂ લૂ વૈશાખે શાખે શાખો લાધીઓ જો!
આ શું પૃથ્વીએ પંચાગ્નિ જોગ સાધીયો જો! લૂ લૂ લૂ૦ ૧

જાણે ભઠ્ઠીનીજ પાસ ઉભાં આપણે જો;
એવા તડકાના ભડકા લાગે બારણે જો. લૂ લૂ લૂ૦ ૨

આંખે આવે અંધાર તડકે તાકતાં જો;
વને વનચરો જળ ઝાંઝવાંનાં ઝાંખતાં જો. લૂ લૂ લૂ૦ ૩

ગોંધાઈ ઘરમાં બેઠે ન ચેન આ ઘડી જો;
આવે ઝાળ, ને ઝલ્લાઈ જાય ચામડી જો. લૂ લૂ લૂ૦ ૪

ગામ બહાર લુને ઝપાટે ઘાસ છોડવા જો;
ગયા સુકાઈ સીમાડા મસાણ સમ હવા જો. લૂ લૂ લૂ૦ ૫

બોડાં બોડાં બહુજ ઝાડ પણ દીસે ખરાં જો;
વાયા વાયરા, ને ખરર ખર્યાં પાતરાં જો. લૂ લૂ લૂ૦ ૬

વાંસનાં વન સળગી ઉઠે આ સમે જો;
દારુણ દવ બધુંજ બાળતો ચોગમ ધુમે જો. લૂ લૂ લૂ૦ ૭

પશુ પક્ષી વૃક્ષ વલ્લી પ્રલય થાય છે જો;
ઉજડ ઉજડ **નવલ** જંગલો જણાય છે જો. લૂ લૂ લૂ૦ ૮

જેઠ માસનું ચિત્ર

આવ્યો જેઠ ને બફાઈ ચાલ્યાં બાફથી જો !
ફૂટે છે ફૂવારા જોને રોમ રોમ જો. આવ્યો જેઠ૦ ૧

એવાં ઝરણ ઝાઝાં મળી નદી વહે દીસે જો;
ટીપાં ટપકે ટપ કપાળે, ગાલે, ને ગળે જો. આવ્યો જેઠ૦ ૨

જળ જેટલું ઝરે છે, તેટલું ખરે જો;
પાણી પાણી કરી પ્રાણ પાછું લે અરે જો. આવ્યો જેઠ૦ ૩

સુકી ભૂમ ને જનાવરો દોડે વન જો;
હતાં જે સૂતાં સંતાઈ ગુફાને ખુણે જો. આવ્યો જેઠ૦ ૪

મળે જળ ન, જગ વિના સૌ બ્હાવરાં થયાં જો;
નદી નાળાં ને તળાવ તો સુકાઈ ગયાં જો. આવ્યો. જેઠ૦ ૫

પાણી કુવાનાંએ કમી થઇ જાય છે જો;
લાંબા દહાડલા આ દોહ્યલા કહેવાય છે જો. આવ્યો જેઠ૦ ૬

ઘણું હોય છે તોફાન દરીઆ પરે જો;
ચડી વા વટોળે જળથળે જુલમ કરે જો. આવ્યો જેઠ૦ ૭

ધરણીથી ઉઠાવી ધૂળ ગગને લઈ ચડે જો;
આંધી હોય ને દબાય આદમી ઊંટ ઢડે* જો. આવ્યો જેઠ૦ ૮

વા'ણો ડોલી, સઢ તોડી ચકડોળે ચઢી જો;
ડુબે દરીઆમાં જોને મરણબૂમ પડી જો ! આવ્યો જેઠ૦ ૯

મહાસાગરે જળસ્તંભ થઇ મેઘે મળે જો;
રણે રેણનારે **નવલ** થાતા હળહળે જો. આવ્યો જેઠ૦ ૧૦

---

*ધૂળના ઢગલા

ભક્તિનું પરોઢીઉં

રાગ પ્રભાત (ચોછક્કા.)

ઊઠી પ્રભાતે સમરીએ–રાગ.

શાંત શાંત સકળ સ્થળે શાંત ચિત્ત સારૂં;
શાંતિનો દાતાર સાર, શ્રીપ્રભુ સંભારૂં. શાંત શાંત૦ ૧

પૂર્ણ બ્રહ્મભક્તિનું પરોઢીઉં છે આજે;
પ્રફુલ્લ ઉદક કમલ પલ્લવ મુંદ આનંદ રાજે. શાંત શાંત૦ ૨

મોહરાત્રિનો કાળાશ ઝાંખો થયો ભાઇ;
પાપરૂપ પોયણી આપે ગઇ બિડાઇ. શાંત શાંત૦ ૩

શીતળ, સુગંધિત, મંદ ચિદાનંદ પવને;
જાગો જીવ જગાડે જગત, ગંભીર ગૂઢ કવને. શાંત શાંત૦ ૪

[છઠ્ઠું ધોરણ ભણનારીઓને સારૂ.]

પ્રભાતનું વર્ણન

પ્રભાતીઉં. (અષ્ટ ચોકા)

જાગો, જાગોરે, મારાં ઉજમાળાં બેનો કે
વાંણેલાં ભલાં વાયાંરે ! ટેક.
જાગ્યાં જાગ્યાંરે, મોર પોપટ મેના કે, વાંણે૦ ૧

ધીમે ધીમે રે, બોલ બોલે રસાળા કે, વાંણે૦
જાણે જાણેરે, એ જગાડે બાળા કે, વાંણે૦ ૨

બીજાં બીજાંરે બા'ર પંખી કલોલે કે, વા'ણે૦
ઊડે ઊડે ને મીઠું મીઠુંજ બોલે કે, વા'ણે૦ ૩

ચીં ચીં ચીં ચીં રે કરે ચકલી આનંદે કે, વા'ણે૦
રમે રમેરે, ખીસકોલી સ્વચ્છંદે કે, વા'ણે૦ ૪

બોલે બોલેરે, ગાય ભેંસ ગૌશાળે કે, વા'ણે૦
નાચે નાચેરે, નાનાં વાછરૂ વા'લે કે, વા'ણે૦ ૫

જોજો જોજોરે, ઉંચે પંખી આકાશે કે, વા'ણે૦
ચક્કર ચક્કરરે, ફરે ફુદડી ઉલ્લાસે કે, વા'ણે૦ ૬

ઉંચો ઉંચોરે, ચડયો સૌથી ચંડોળ કે, વા'ણે૦
ગાતો ગાતોરે, રસે ઝાકમઝોળ કે, વા'ણે૦ ૭

ગાએ ગાએરે, ગુર્જોજન બ્રહ્મનામ કે, વા'ણે૦
હરખે હરખેરે, આખું જગત આમ કે, વા'ણે૦ ૮

હસી હસીરે, ઊડયાં વૃક્ષ ને વેલા કે, વા'ણે૦
ખીલ્યાં ખીલ્યાંરે, મન કમળ આ વેળા કે, વા'ણે૦ ૯

ઊગે ઊગેરે સૂરજ સુખધામ કે, વા'ણે૦
તેનો તેનો આ ઓચ્છવ ઠામ ઠામ કે, વા'ણે૦ ૧૦

ભાળે વા'ણે એ સૌ ઉગમણી દીશ કે, વા'ણે૦
રાતી રાતી જે સોનેરી અતીશ કે, વા'ણે૦ ૧૧

ઓ ! આ ઊગ્યોરે, જગ ઝગમગ્યું સંધુ કે, વા'ણે૦
જાણે ઝળકોળીરે કાઢયું જ્યોતિને સિંધુ કે, વા'ણે૦ ૧૨

દીપી દીપીરે, ઊડયા બાગબગીચા કે, વા'ણે૦
ઝળકયા ઝળકયારે, લીલા ઘાસે ગલીચા કે, વા'ણે૦ ૧૩

જયજયજયજયરે, ભણી ઋષિઓ ઉભેલા કે, વા'ણે૦
હેતે હેતેરે, ધરે ધ્યાન આ વેળા કે, વા'ણે૦ ૧૪

ધ્યાને ધ્યાનેરે, પરિબ્રહ્મને ધારે કે, વા'ણું૦
માગે માગેરે, સદ્‌બુદ્ધિજ પ્યારે કે, વા'ણું૦ ૧૫

સાચે સાચેરે સમો ભક્તિનો આ છે કે, વા'ણું૦
સહેજ સહેજરે, સંધ્યા વંદન સાચે કે, વા'ણું૦ ૧૬

આ છે આ છે રે, સુખધામ કાળ કે, વા'ણું૦
જે કોઇ જાગેરે તેનાં ભાગ્ય વિશાળ કે, વા'ણું૦ ૧૭

આવે આવેરે, મંદ શીતળ પવન કે, વા'ણું૦
એ કે એ'કેરે, શી સુગંધી આ વન કે, વા'ણું૦ ૧૮

તાજાં તાજાંરે, થાય તન ને મન કે, વા'ણું૦
વાધે વાધેરે, વય વિદ્યા ને ધન કે, વા'ણું૦ ૧૯

इतिहासनी आरसी

ગરબી (છચોકા.)

ઇતિહાસની આરસી સાહી ॥ મેં જોયું માંહી.
થીર થાવર દીઠું ન કાંઇ ॥ ફરતી છે છાંઇ! ૧

આ મુલક બધામાં આજ ॥ ક્યાંના ક્યાં રહેતા;
ઇંગ્રેજ કરે છે રાજ ॥ જગમાં જશ લેતા. ૨

પણ એંસીજ વર્ષ પછાત ॥ જો જોઇએ એ ઝાંખી;
દીસે દક્ષણીઓ ગુજરાત ॥ ઘૂમતા ડર દાખી. ૩

શો પેશવાઇનો દોર ॥ પુનેથી સંચરતા;
બહુ ચકરા જાલમ જોર ॥ "ઇકડે યા" કરતા. ૪

માંઆ રાજે અધર્મ અપાર ॥ ધર્મનું કહાવે જે;
કરી ચાર દિવસ ચમકાર ॥ શૂન્ય થયું સહેજે. ૫

પેશ્વાઈ પહેલાં મુગલાઈ ॥ ચાલતી ચોપાસે;
અહીં સ્થાપી અકબરશાહીં ॥ બાંધી નીતિપાસે. ૬

નહિ જુલમ, ન ઝાઝું દાણ ॥ નહિ પક્ષાપક્ષી;
દીધું દેશીને માન સમાન ॥ દેશાઇગીરી બક્ષી. ૭

ટકી બસેં વરસ મુગલાઇ ॥ તે આને યોગે;
જ્યારે રાજનીતિ બદલાઇ ॥ પડી મરવા રોગે. ૮

આ બસેં વરસ પણ બાદ ॥ કરી જો પછવાડે;
પાદશાહી અમદાવાદ ॥ સ્વતંત્રપણે લાડે. ૯

“કુત્તે પર આયા સસ્સા—બસાયા શે’ર શાહને;”
આ આશા બીજાને અસા—વળે ગમ્યું તેજાંને. ૧૦

થયો મહમદ બેગડો એક ॥ છેક મહા મોટો;
બાંધ્યા મસીદ મિનારા અનેક ॥ શે’ર, સણુંગ કોટો. ૧૧

હતો જબરદસ્ત મહા શૂર ॥ મહા મોટો જંગી;
ચડી વા’ણે લડી ચકચુર ॥ કર્યા બહુ ફિરંગી. ૧૨

પણ ચારસેં બાર અગાઉ ॥ હતું એ ક્યાં શે’રજ;
હવે પાટણપુરને ગાઉ ॥ થયો અકરા કેરજ. ૧૩

સન તેરસેં પુરાં માંહ્ય ॥ થયા હિંદુ પુરા;
પડ્યું પાટણ વરત્યો ત્રાહ્ય ॥ ધિક! નાગર નગુરા! ૧૪

પેદા મુલકમાં મુસલમાન ॥ “મારૂં મારૂં” કરતા;
લૂટે ઝૂંટે વટાળે, લે જાન ॥ વહુ દીકરી હરતા. ૧૫

લડ્યા પડ્યા હજારો શૂર ॥ “ભલે મારીએ મરીએ;”
વહ્યું લોહી; જેમ જળપૂર ॥ ડૂબ્યો દેશ તે દરીએ! ૧૬

એ દિવસ પડી જે પોક ॥ હજી ગગને ગાજે !
એ દિવસ દેશીઓ શોક ॥ કરોને મળી આજે ! ૧૭

એ દિવસ થકી પરતંત્ર ॥ થયા, લાગી ખાંપણુ રે !
એ આગે હતા સ્વતંત્ર ॥ હિંદુ સૌ આપણુ રે ! ૧૮

વધ્યો શોક થંભ્યું મુજ ગાન ॥ ગ્નાન આ એકજ રે;
વિના ધર્મ **નવલ**, આ સ્થાન ॥ ચલિત સૌ છેકજરે. ૧૯

वसंतवर्णन

होरी.

પચરંગી પટકુલ ધારી,
દીપે કુદરત આ રતે ન્યારી,

કુમળાં ચળકતાં વૃક્ષે સજ્યાં ॥ નવ પલ્લવ જુનાં ઉતારી,
આંબે મોર અથાગજ ઝૂકે ॥ જાણે કલગીઓ સારી;
વસંતની આવી સવારી ! દીપે૦ ૧

વીંટી વળી વેલી સૌ સૌને ॥ વૃક્ષે હસ્ત પ્રસારી,
ફૂલનાં ઝુમખે ઝુમખાં જે પર ॥ રંગબેરંગી અપારી !
ઝૂકે ઝાડી ફૂલ ભરી ભારી ! દીપે૦ ૩

ફૂલભરી ડાળો ડોલે, ખરે ફૂલ ॥ પથરાઇ ફૂલની પથારી,
ભ્રમર હજારો ગુંજાર કરંતાં ॥ સુગંધી લેતાં ગયા હારી !
બધું રહ્યું બહેક જ્યાં મારી ! દીપે૦ ૩

ફૂલભરી ડાળો ડોલે હિંડોળે ॥ બેઠાં પોપટ મેના પ્યારી,
ને નવરંગી અવર બહુ પંખી ॥ મધુર કરે રવ તારી;
કાયમની છે બલિહારી ! દીપે૦ ૪

કોયલો કૂકૂ કૂકૂ કૂકૂ કરી રહે ॥ પંચમ સૂર અનુરાગી,
ઘટ્ટ ઘટામાં પડઘા પડે ને ॥ કુંજ દીપી રહી સારી;
મનોહર કામણગારી ! દીપે૦ ૫

દ્રાક્ષને માંડવે લાખો દરાખો ॥ લીલી લોચનહારી !
કુમળા બપોરના તાપે તરસ્યાના હાથ લોભાવનારી;
કંઠે ઠંડક કરનારી ! દીપે૦ ૬

ઊગ્યા ગુલાબ, ને આવી ગુલાબી ॥ ટાઢની તો હવે વારી !
વાયે સવારમાં મંદ સુગંધિત ॥ શીતળ સમીર સુખકારી;
અંગે ઉમંગ વધારી ! દીપે૦ ૭

રંગ્યાં ઉમંગ્યાં પશુ, પંખી નર ॥ નાર કુમાર, કુમારી,
સર્વે સજોડે ભમે, જમે કોડે, ॥ સર્વ કરે મઝાદારી;
મુખે મીઠી હોરી ઉચારી ! દીપે૦ ૮

હોરીના સૂર ઘૂમી રહ્યા ચોગમ ॥ ચોગમ લગન છે જારી,
લગનસરા તો વસંતેજ સોહે ॥ વસંત છે લગન આચારી !
જેણે રચી અજબ તૈયારી ! દીપે૦ ૯

એ રીતે આ રતે પાંચે ઇંદ્રિયો ॥ ને હૃદય રીઝયાં સંસારી,
હોળીરમણ, આ હરખભરણની ॥ રીત સ્વાભાવિક ધારી;
ગણો ચાલ ગંદી નઠારી ! દીપે૦ ૧૦

સંત સ્તવે ભગવંત વસંતે ॥ ઉચ્ચ સ્વરે લલકારી,
જેણે જગતમાં ચોગમ ફરતી ॥ આવી અનુપ ઉપકારી;
લલિત લીલા વિસ્તારી ! દીપે૦ ૧૧

જય ! જય ! જય ! સચરાચર સુંદર ॥ જય ચિદ્રૂપ ભયહારી,
જય ! જય ! એક અકળ, બ્રહ્માંડ ॥ અખંડ અખિલ વિહારી;
નવલ તનમનના ધારી. દીપે૦ ૧૨

ગુણનું કજોડું–વહેમી સ્ત્રીનું વર્ણન

ગરબી (સમછક્કો)

કેવું આ કજોડું તે કહેવાય, દેશી કહોને તમે, કેવું આ૦ ટેક

પુરુષ તો ભણ્યો ને ગણ્યો છે ઘણો ગુમાની આ;
સ્ત્રીથી ના સ્વભાષા શુદ્ધ બોલાય. દેશી૦ ૧

ભાઇ તો ભૂગોળ ને ખગોળમાં ઘૂમે છે;
બાઇનું તો ચિત્ત ચુન્નામાંય. દેશી૦ ૨

પુરુષ આ પ્રવીણુ પુરો પુસ્તકો રચે છે;
પેલીથી ન પત્રએ વંચાય. દેશી૦ ૩

ભાઇ તો સ્વદેશને સુધારવા મથે છે;
બાઇ કહે 'હું જોઉં શી રીતે થાય.' દેશી૦ ૪

પુરુષ ધૂર્ત ઢોંગીનાજ ધાટમાં ફરે છે;
તે તો ઘેર પેલીથી પૂજાય. દેશી૦ ૫

ભાઇ તો સભામાં જઇ સુભાષણો આપે;
બાઇ જઇ રાજવીઓ ગાય. દેશી૦ ૬

પુરુષ તો પધારે સુધારાની મંડળીમાં;
પેલી પાપી મંડળીમાં જાય. દેશી૦ ૭

ભાઇ તો નસીબનો નકાર કરે મૂળથી;
બાઇ તો ગરોડા પૂઠે ધાય. દેશી૦ ૮

પુરુષ તો પવિત્ર પરમ ઇશને પૂજે છે;
ગોવાળની ગલીચી પેલી ચાહ્ય. દેશી૦ ૯

ભાયડો ન ભૂલથીએ ભુંડું કદી ભાખે;
ભુંડણી વિવાહે વિષ્ટા ખાય. દેશી૦ ૧૦

દેશીઓ, ન દોષ દેશો, જો કદી એ બાપડો;
હારી કરે એ પીડા વિદાય. દેશી૦ ૧૧

છેકજ જ્યાં આવી રીતભાત મતિ જુદી છે;
પ્રીત તે શી રીતરે બંધાય. દેશી૦ ૧૨

વાત શું કરે ને અરે ચીન તે શું એ કરે ?
એક એકને ન જ્યાં સુહાય. દેશી૦ ૧૩

ચાલતા વહેવારની તો વાતજ તજવી;
એણેજ રણુસ્તંભ રે રોપાય. દેશી૦ ૧૪

વિદ્યાના વિનોદકેરી વાત કદી કહાડે;
વ્હીલું વ્હીલું પેલી જોય ત્યાંય. દેશી૦ ૧૫

વર્તમાનની વાત એને નહિ ગોઠે;
એની તો જુદીજ છે દુનિયાય. દેશી૦ ૧૬

એને ઝોડઝપટની, કે કામણ ટુમણનીજ વાત;
કે કૂટવા જવાની રે સદાય. દેશી૦ ૧૭

એ તો જાણે ખાવુંપીવું પહેરવું ને ઓઢવું;
કે નજર ઉતારના ઉપાય. દેશી૦ ૧૮

ઝાઝું શું કહેવુંરે થોડું લખે ઘણું માનજો;
અભણ વ્હેમી મુરખની એ રાય. દેશી૦ ૧૯

વચનું રે કજોડું કદી હોય, હાય હાય થઇ;
ભુંડું ભુંડું ભુંડું બહુ ભણાય. દેશી૦ ૨૦

રૂપનું કજોડું પણ વિરૂપરે મનાય છે;
ગુણનું કજોડું ના ગણાય ? દેશી૦ ૨૧

કેમરે લગાર કંઇ વિચાર કરો, નાર નહિ કે;
નરથી આ કજોડું કેમ વેઠાય ? દેશી૦ ૨૨

ગુણોનું કજોડું સર્વથી સંસારમાં;
લાલ જેની ના કદી હોલાય. દેશી૦ ૨૩

લાલ એ લાગી રહી છે ઠામઠામ **નવલરામ;**
આંખ જો ઉઘાડો તો દેખાય. દેશી૦ ૨૪

बाळलग्ननां तमाम नुकशाननो उपसंहार

ગરબી (સસ ચોકા.)

હાંરે નામ બાળલગનનું તો બાળો !
બાળો કે ખાડામાં ઘાલોરે ! નામ બાળ૦ } ટેક૦

બાળલગનનું નામજ સૂણતાં, આવે મને કંટાળોરે; નામ૦
બાળલગનનું દુઃખ દેખીને, દેશ થઇ ગયો કાળોરે; નામ૦
બાળ બિચારૂં શું સમજે એમાં ? ઠાઠ શો માંડયો ઠાલોરે; નામ૦
દૈવ ઉપર શીદ દોષ મૂકો છો ? પ્રકૃતિ વિરુદ્ધજ ચાલોરે; નામ૦
બાળલગનની ભુંડી રૂઢિ, આંખ ઉઘાડી ભાળોરે; નામ૦
ભુંડી રંડાએ સુકવી નાંખ્યો, સુંદર દેશ રસાળોરે; નામ૦
બાળલગનથી તો બાળકબળનો, પાયો પૂર્ણ પ્રજાળ્યોરે; નામ૦
ઉદ્યમ હોંશ પરાક્રમ આદિ, સ્હેજે બળી ગઇ ડાળોરે; નામ૦
બાળલગનથી તો વિદ્યાવૃદ્ધિનો, મારગ મૂળથી બાળ્યોરે; નામ૦
"ભટ્ટ ભણ્યા તો કે પરણ્યા છીએ, ધનમાં આ ઉભી ધાડોરે;" નામ૦
બાળલગને બળબુદ્ધિ હરીને, સુખનો સંભવ ટાળ્યોરે; નામ૦
હુન્નરકળામાં પાછળ પાડી, પૈસો વિલાતે વાળ્યોરે; નામ૦
બાળલગનથી હોય કજોડાં, દુઃખ દુઃખ જેમાં હજારોરે; નામ૦

બાળલગને હડહડતો આણ્યો, કળજુગ કાળ કરાળોરે; નામ૦
બાળકનાં માબાપ બને છે, બાર વરસનાં બાળોરે; નામ૦
બાળલગને તો ઢીંગલા ઢીંગલી, સરખાં બન્યાં નરનારીરે; નામ૦
ભર જોબનમાં ઘડપણ આણ્યું, આણ્યો મરણનો વારોરે; નામ૦
બાળલગને બન્યો બળહીન, બીકણ આપણો સઘળો રસાળોરે; નામ૦
બાળલગને અરે બાયલો કીધો, ભરતનો ખંડ યશાળોરે; નામ૦
બાળલગન દુઃખ સકળનું મૂળજ, કળિજુગ એજ વિચારોરે; નામ૦
બાળલગન તજી, નવલસ્વજન સૌ દેશને ડુબતો તારોરે; નામ૦

फिमेल ट्रेनिंग कोलेजने साह

लाडो विदाय

गरबी १ ली (सप्तचोको त्रिताल.)

આજ હોય સાસરે લાડી વિદાય રે,
આશરે, ઈશ તારે.

ઈશ, તું રક્ષણ કરજે રે એનું;
એનું ન અન્ય કો ત્યાંય રે. આશરે૦ ૧

સાસરી હોય સુંવાળી ઘણેરી;
તો પણ કડણ કહેવાય રે. આશરે૦ ૨

ગામ અજાણ્યું ને ઠામ અજાણ્યું;
જન અજાણ્યા માંહ્ય રે. આશારે૦ ૩

ખાવું પીવું પણ પરમરજી પર;
ભૂખે મુખે ન મગાય રે! આશારે૦ ૪

નિત્યનાં નિર્ઝણુ કરતાં શીખવાં શું;
આ વ્રત કાઢ્યું વડાય રે? આશારે૦ ૫

બોલવું તો પૂછ્યું, ચાલવું ચાલે રે;
કહેલુંજ કરવું સદાય રે. આશારે૦ ૬

બાર વરસની બાળકીએ કયમ;
ઠાવકાં આમ થવાય રે? આશારે૦ ૭

રમતી કૂદતી હરણીએ તો કયમ?
પગલાં ભરાવ્યાં ભરાય રે? આશારે૦ ૮

લાડે રમેલી કેમ ચરણ સુખ;
ને મન બાંધી મુકાય રે? આશારે૦ ૯

જીવતાં જડ થઇ પુતળાં પેઠે;
નચાવ્યાં કેમ નચાય રે? આશારે૦ ૧૦

જોગી જતીનો ન જ્યાં ગતિ ચાલે;
તે કેમ કહો એથી થાય રે? આશારે૦ ૧૧

થાઓ કે નહિ પણ નિશ્ચે કરે છે;
એમજ સુકોમળ બાળાય રે! આશારે૦ ૧૨

એથી અધિક કંઈ હોય ત્યારેજ;
નવલ સાસરી નિંદાય રે! આશારે૦ ૧૩

ગરબી ૨ જી (ચોચોકા.)

सासरे जती छोडीनो उत्तर

માડી તું મારી, છોડને શોક નકામો.
છોડીને સાસરી વીણ ક્યાં વિસામો ? } ટેક.

સાસરી તો સર્વે સ્ત્રીને શીર સરજી,
એમાં સુખ શોભા સકળ સુંદરજી;
ચાલી આવી રીત એ તો ઘરઘરજી. માડી૦ ૧

માટે તમે ધીર ધરી મને આપો,
મને તો સહેજે હોય સંતાપો;
ગમે ન જવું મેલી માયાળુ માબાપો. માડી૦ ૨

કાપીને કોમળ કેળની ડાળી,
જાણે ખોદી ઠામ કઠણુમાં ઘાલી;
રૂએ રૂએ આંસુડાં તે ઢાળી. માડી૦ ૩

કલેજું મારૂં તો ફડફડ થાએ,
પીપળનાં પાન પેઠે કંપાએ;
મારે મન પૃથ્વી રસાતળ જાએ. માડી૦ ૪

એવું મને લાગે છે સહજ સ્વભાવે,
સાસરીએ જવું પ્રથમ કોને ભાવે ?
સહેજે સદા સર્વેને રડવું તો આવે. માડી૦ ૫

તો પણ આ શોક ક્ષણિક ગણુ મારો,
ઉંડો ને ગાઢો બહુજ છે તારો;
દુઃખી મારા દુઃખમાં હોય વધારો. માડી૦ ૬

સાસરીએ દુઃખ તો પહેલું પણામાં,
તમે કહ્યાં તે બધાં દુઃખ સાચાં મા !
તોપણ સહ્યાં વણ શો છુટકો છે મા ? માડી० ૭

માટે મા, શોક તજી કહો પ્રાતે,
સાસરીએ સુખી થવાય શી રીતે ?
પરાયાં હોય પોતીકાં નિત્યે. માડી० ૮

શાબાશ ! શાબાશ ! સુતા મતિ તારી !
સફળ કરી સકળ કેળવણી તેં તારી !
સુખી રહે આ છેલ્લી નવલ શીખ ધારી. માડી० ૯

ગરબી ૩જી (અષ્ટચોકા ત્રિતાલ).

शिक्षासूत्र

સાંભળ, સાસરે વાસ કર્યાનાં,
સૂત્ર પવિત્ર મર્માળાંરે;
અક્ષરે અક્ષર અંતર કોતરી,
રાખજે કોમળ બાળારે. ટેક०

કામ કઠણ બહુ કરવાં પોતીકાં,
જે છે છેક પરાયાંરે;
એવું કરવું તો ઇશ્વર હાથે,
પણ આપણે થાવું ડાહ્યાંરે. સાંભળ० ૧

પ્રેમ વિના પરપ્રેમ પમાય ન,
કેમે કરી કો કાળેરે;
માટે પ્રથમ તો આપઅંતર ભર,
શ્વસુરપક્ષ પર વા'લેરે. સાંભળ० ૨

શ્વસુરપક્ષ છે પક્ષજ તારો,
વિચારી જો ચિત્ત માંહીરે!
જે કુળ ઉપજી ઉછરી હેતે,
ત્યાં તો થઇ તું પરાઇરે! સાંભળ૦ ૩

ઘર તે સાસરકુંજ હવે તુજ,
આ તો પિએર સૌ કહે છે રે;
ભાઇ ભોજાઇ આપે રીઝી જે,
બાપડી બેન તે લે છે રે! સાંભળ૦ ૪

હક ડીયાંથી ઉઠયો, બેઠો ત્યાં,
કઠણુ વચન આ કહેતાં રે,
હૈયું મારૂં ઉથલાઇ જાએ,
આંખે આંસુ વહેતાં રે. સાંભળ૦ ૫

પરઘરનું ધન પુત્રી કહાવે,
સાચું આજ મેં માણ્યું રે;
સુખ દેખીશ હવે હું જ્યારે તે,
સાચું સરળ એ જાણ્યું રે. સાંભળ૦ ૬

જાણ્યું શ્વસુરકુળ કુળજ તારૂં!
રહેજે રોજ તે રૂખે રે;
તેની શોભાએ શોભા તારી,
સુખે સુખ દુઃખ દુઃખેરે. સાંભળ૦ ૭

"પિએર પનોતું રાખો પ્રભુ પણ,
સાસરૂં તો ઘર મારૂં, રે;"
એમ વિચારી મનસા વાચા,
કર્મણા કરે તે પ્યારૂં રે, સાંભળ૦ ૮

પ્રેમે પોતીકું એમ ગણ્યું કે,
સહેજે પોતીકું થાશે રે;
સાસુ, નણંદ, વર, દીયર, સસરો,
સર્વે ચિત્તથી ચા'શે રે. સાંભળ૦ ૯

વખતે વચન કડવાં કહે તો પણ,
વિનય ન તજવો તારે રે;
"વનો વેરીને વશ કરે છે,"
મંત્ર એ મોંઘો ભારે રે. સાંભળ૦ ૧૦

"કામ કર્યાં તેણે કામણ કીધાં,"
એ કહેવત છે સાચી રે;
દોરા ચિઠ્ઠી ને છુમંતરની,
કથની કપટી કાચીરે. સાંભળ૦ ૧૧

વિનય વિવેકને વા'લ વધારી,
ધરી ધીરજ, કરી કામો રે;
સદા સુઘડતા સદ્‌ગુણ ગ્રહીને,
નવલ કહે સુખ પામો રે. સાંભળ૦ ૧૨

ગરબી ૪થી (રાગ ઉપરનો)

શાણાં, સુઘડ સદ્‌ગુણી બની બેની,
સાસરે સુખીઆં થાજો રે!
સંસારે સૌ શ્રીકત્તવ્યો,
કરી પરમપદ પાજો રે! શાણાં૦ ૧

છ'ર મિજાજ તો ત્યાગજ કરવો,
જો સાસરીએ રહેવું રે!
શાણપણે સૌ સાથે બોલવું,
ચાલવું લેવું દેવું રે. શાણાં૦ ૨

મધુર વચન છે મધથી મીઠાં,
જનમન રંજનકારી રે;
નારીનું ભૂષણુ—નારીજ નહિ જે,
નમ્રપણું ન ધરનારી રે. શાણું૦ ૩

સ્વજન, પરજન, દાસ દાસીશું,
વદવું વિધિ વિવેકે રે;
સૌ સાથે સૌ લાયક ચાલવું,
મા'લવું મારગ સીધે રે. શાણું૦ ૪

વણુ કહે મન વર્તી વરતવું,
સાસરે સૌને અનુસરતું રે;
પિયુરંજન પર તો મન નિશદિન,
ખતે અખંડજ ધર તું રે. શાણું૦ ૫

પ્રેમે પિયુમન રંજન કરવું,
માનિનીધર્મ એ મોટો રે;
ચાર પદારથ એથી પમાશે,
અન્ય ઉપાય તે ખોટો રે; શાણું૦ ૬

સ્વામી સંબંધે શ્વસુરપક્ષની,
સેવા કરવી સુરીતે રે;
માતપિતા સમ સાસુસસરા,
માનવા મનથી નિત્યે રે. શાણું૦ ૭

પોતાનુંજ ઘર હવે થયું જે,
તે તો સંભાળવું ભાવે રે;
ઘરગોઠવણી તો ગોરીનો,
ગરવો ધર્મજ કહાવે રે. શાણું૦ ૮

રાત દિવસ મથી મરે મરદ જો,
કરવા ઘરમાં કમાણી રે;
આણી કમાણી ન વાપરી જાણી,
બાયડી નહિ એ ભુંડાણી રે. શાણું૦ ૯

શાણી સુઘડ સ્ત્રી રોજ કરે છે,
રુડી વ્યવસ્થા ઘરની રે;
કરકસર કરે, રહે સૌ સરખી,
શોભા વધારે વરની રે. શાણું૦ ૧૦

ઘર જોઇ ઘરધણિઆણીનું,
મૂલ કરે સૌ કોઇ રે;
જો ઘરમાં ગંદવાડો દેખે,
કહે "ફુઆડ ફટ મોઇ રે." શાણું૦ ૧૧

સુઘડનાં ઘરબાર, ને ઓરડા,
આરસ જેવાં રૂપાળાં રે;
સદા સુઘડ રહે સુઘડ સુંદરી,
રાખી સુઘડ બાળબાળારે. શાણું૦ ૧૨

બાળકની સંભાળ કેળવણી,
સ્ત્રીનો ધર્મ એ ત્રીજો રે;
ત્રણે ધર્મ સરળ ને સરસ એ,
પાળ્યા તો પ્રભુ રીઝયો રે. શાણું૦ ૧૩

પ્રભુને પ્રાર્થનાથી પ્યારાં,
કર્તવ્ય કર્મો કરવાં રે;
જપ તપ વ્રત ઉપવાસ મૂકી પણ,
પ્રેમે પતિવ્રત ધરવાં રે. શાણું૦ ૧૪

પતિવ્રતા પતિને અનુસરતી,
હીડે હરખડી હેતે રે;
તેના મરજી તે એની મરજી,
જીવનદોરી તો તે છે રે. શાણું૦ ૧૫

પ્રાણુથી પ્યારો ગણી પિયુને,
અનન્ય ભક્તિ કરતી રે;
દુર્જન દુષ્ટને દેખીજ દુરથી,
આઘી એ ઓસરતી રે. શાણું૦ ૧૬

નિર્જન વન, ને નિર્ધનતામાં,
રહે પિયુ પાસજ હરખે રે;
સ્વામી વિના નહી સ્વર્ગે સોહાએ !
સ્વામી સંગે સુખી નરકે રે ! શાણું૦ ૧૭

સતી પતિથી છૂટી પડે નહિ,
છાયાવત્ ગત એની રે;
પતિવ્રતાનું પરમ તત્ત્વ છે,
પતિજ, સાંભળ એની રે. શાણું૦ ૧૮

એની પતિવ્રત ધારી ધીરજથી,
કુળની કીર્તિ વધારી રે;
વિશ્વંભરનો રાખી ભરોસો,
રહેજે, ઓ બેટી વિચારી રે ! શાણું૦ ૧૯

સુખી તું સદા હોજે ઉભય સ્થળ !
કર મંગલ ! લાડઘેલીરે !
માની કૂખ વખણાવજે વા'લી !
માની નવલ શીખ છેલ્લી રે. શાણું૦ ૨૦

સ્ત્રીસ્વરુપ

ગરબી

સંસારનું નૂર છે નાર,
સજન સંસારનું નૂર છે નાર.
સ્ત્રી સુધરે સકળ સુખસાર. ટેક૦

સજન, સ્ત્રી સુધરે સકળ સુખસાર;
ધૂળધાણી બધું નિરધાર, એ વણુ. ધૂળ૦

સુંદર સ્ત્રીનું મુખડું, સુંદર સ્ત્રીનું તન;
સુંદર સ્ત્રીના બોલડા, સુંદર સુંદર સ્ત્રીનું મન! સજન સં૦ ૧

સુંદર સેવા સ્ત્રી કરે, સુંદર ધરેજ સ્નેહ;
સુંદરતા સંસારમાં, ભરનારી નારીજ છેય! સજન સં૦ ૨

આપે જન્મજ જગતને, પાળે પૂરણ પ્રીત!
એનાજ નામ આધારથી, કહાવે ઇશ્વરી અંબા ખચીત!
સજન સં૦ ૩

મીઠું બોલી મન હરે, ટાળે તન પરિતાપ;
આફતમાં ધીરજ ધરી, ધીર આપે એ નરનેજ આપ.
સજન સં૦ ૪

ઘરણી ઘરનો સ્તંભ છે, ઘરનું ઘરણીજ માન;
ઘરણી ઘરનું ઘરેણું છે, ઘર ઘરણી વિનાનું સ્મશાન.
સજન સં૦ ૫

બડપણુમાં ઘરણી સમી, સેવા કોથી ન હોય;
સ્વર્ગે પણ સંગે ગઈ, તે તો નારીજ ! નર નહિ કોય.
સજન સં૦ ૬

ધન ધન નારી નામને, પ્રેમી પરમ અપાર !
પાળે પ્રેમે સર્વને, એતો આદ્ય શક્તિ અવતાર.
સજન સં૦ ૭

નિંદા એની જે કરે, તે પાપી ગુણચોર;
દુર્ગુણને દરીએ ડૂબે, તોએ દિલડે દયાનુંજ જોર,
સજન સં૦ ૮

ગોરી ફૂલ ગુલાબનું, સૂકે કે કરમાય;
કે કોહે વણ કાળજી, તોએ જાતિસુગંધી ન જાય.
સજન સં૦ ૯

શાસ્ત્રી, પુરાણી, પંડિતો, શાણા સજ્જન સર્વ !
સાચે સાચું હું કહું, તમે માનો મૂકી મનગર્વ.
સજન સં૦ ૧૦

દીસે દુર્ગુણી આજ બહુ, નથી એની કંઈ નાજ;
પણ એ દુર્ગુણી મૂર્ખ કે, જે છે તે તમારાજ કાજ.
સજન સં૦ ૧૧

આદે દમયંતી, સીતા, દ્રૌપદી આદિ અપાર,
થઇ ગઇ બહુ ગુણવંતીઓ, તે હતી નારીજ નિરધાર.
સજન સં૦ ૧૨

ધર્મે કર્મે ન કેળવો, ના'પો કંઇ પણ જ્ઞાન;
રાખો જો હેવાન તો, કયમ હોય ન એ હેવાન?
સજન સં૦ ૧૩

હા ! અબળાઓ હાયરે ! હાલ છેજ હેવાન;
ખાવું પીવું ખેલવું, એ ત્રણનુંજ જેને ભાન.
સજન સં૦ ૧૪

જ્યાં હેવાનજ નારનો, સઘળો સુંદર સાથ;
ત્યાં જીવ્યાથી તો ભલું, ખરે મરણ નવલ ઓ નાથ !
સજન સં૦ ૧૫

નીતિનો ચીલો

ગરબી (ત્રિઅઠા)

ચારુ* ચીલો આ નીતિનો——નરનારીરે;
ધારો ધરી ઉર ખંત, કહું છું વિચારીરે.
ભવપંથે ભુંડા ઉંડા,——નરનારીરે;
છુપા કુવા છે અનંત, કહું છું વિચારીરે. ૧

જેના વિવિધ મનોહારી,——નરનારીરે,
વેલછવાયાં મુખ, કહું છું વિચારીરે;
જો ચૂકીએ પગ મૂકતાં——નરનારીરે;
હોયજ અનહદ દુઃખ કહું છું વિચારીરે. ૨

એ ગોઝારા કૂપમાં——નરનારીરે;
પડયા હજારો અજાણ કહું છું વિચારીરે;
હસવામાં ખસવું થયું,——નરનારીરે;
ગયા રૂંધાઇ પ્રાણ કહું છું વિચારીરે; ૩

---

* સુંદર.

માટે ચિત્ત ચેતી તમે——નરનારીરે;
ચાલો ચીલે ચીલેજ, કહું છું વિચારીરે.
ચીલો એ પ્રાચીન છે,——નરનારીરે;
સુંદર સુખકર સે'જ[1] કહું છુ વિચારીરે. ૪

ચીલાની બે બાજુએ——નરનારીરે;
અખંડ તરુવર હાર કહું છું વિચારીરે.
શીતળ છાંયે શોભતી,——નરનારી;
ફળ અમૃતમાં છે સાર, કહું છું વિચારીરે. ૫

ચીલે ચાલવું સે'લ છે,——નરનારીરે;
સીધો સમતળ[2] છેક, કહું છું વિચારીરે.
છે કંચન રજ છાંટીઆં——નરનારીરે;
ગુલજળ[3] બહેક બહેક, કહું છું વિચારીરે. ૬

કોણ અભાગી આ ચીલો——નરનારીરે;
છોડી હીંડે કુવાટ, કહું છું વિચારીરે.
મારગ પણ એ પાંસરો,——નરનારીરે;
નહિ ભો કે ન ઉચાટ, કહું છું વિચારીરે. ૭

ચીલાથી ચૂકી જરા,——નરનારીરે;
આડાં અવળાં ન જાઓ! કહું છું વિચારીરે,
ઠગવાડીના ઠાઠથી,——નરનારીરે;
ભૂલી શીદ ભરમાઓ! કહું છું વિચારીરે. ૮

ચીલો મૂકયો તેમણે——નરનારીરે;
આખર ખાધીજ થાપ, કહું છું વિચારીરે.

---

૧. સ્વાભાવિક રીતે ૨. સપાટ. ૩. ગુલાબજળ.

પર વીતે ચેતેજ, તે——નરનારીરે;
ખરાંજ ચતુરાં બાપ+! કહું છું વિચારીરે. ૯

આજ ચોંશે ચાલી ગયાં,——નરનારીરે;
પૂર્વે સર્વે સુજાણ, કહું છું વિચારીરે.
પામ્યા પરમાનંદ પદ, નરનારીરે;
નિશ્ચલ નવલની વાણ, કહું છું વિચારીરે. ૧૦

"मारी भरतभूमि"–स्वदेश स्तोत्र

ગરબી

મારી ભરતભૂમિ !

રૂપાળી સુયશાળી. સુશીલ પુનિત
તારા ચરણ ચુમી, } ટેક.

આનંદે વંદુ જય હરદમ× નિત્ય !
સૌ સૌમાં કાંક વિશેષજ છે !–
પણ તું તો અલૌકિક એકજ છે !–
મારી ભરતભૂમિ૦—૧

+એ મારા બાપ એટલે વા'લા, જે પારકાને વીતે તે જોઈનેજ પોતે ચેતી ચાલે, તેજ ખરેખરાં ચતુર સમજવાં; મતલબ કે અનીતિના ખાડામાં જે પડે છે તે ગમે એટલાં ચતરાં (ચતુરાં) થઈને ફરે છે, પણ ખરૂં જોતાં જરાએ ચતુર નથી.

×પ્રત્યેક શ્વાસની સાથે, હંમેશાં.

કોણ આવે હિમાલયની હારે ?
કોહિનૂર અન્ય હીરા હારે;
વણ શેલડી સરસ સાકર ક્યાંરે ?
મારી ભરતભૂમિ૦—૨

શી ફળદ્રુપતા સ્થળ સ્થળ સોહે !–
નવરંગી રમણી મુજ મનડાં મોહે !–
જાણે વાડી વિશ્વંભરનીજ હોએ.–
મારી ભરતભૂમિ૦—૩

સાથે વિશ્વંભરવાલી તું ઝાઝી,
સમૃદ્ધિ સ્વાભાવિક બધી સાજી;
તને પ્રભુએ કરી પ્રિય પ્રમુખાજી.–
મારી ભરતભૂમિ૦—૪

દેખી દુનિયા મરે છે દિલ દાઝી,
પણ ફીકર ન રાખ પ્રભુ તું રાજી;
હાય ! હાલ તેની છે ઇતરાજી !–
મારી ભરતભૂમિ૦—૫

તારો વાંક નથીજ તથાપિ એ,
અમે ભ્રષ્ટ કપૂત મૂઢ પાપીએ;
દેવ છેક દુભ્યો !—હજીએ !—
મારી ભરતભૂમિ૦—૬

મદ, આળસ, ઇર્ષા ને અનીતિ,
મતિ મતલબી, આંધળી નીચ અતિ;
સુખ સાર્વજનિક સમજે ન રતિ.–
મારી ભરતભૂમિ૦—૭

જાણી જન્મભૂમિભક્તિ તો પામે નહિ,
એક પેટની વેઠ અખંડ લહી;
ઉંચી ઓડ બળદીએ કીધી ન કહીં.–
મારી ભરતભૂમિ૦—૮

એવા જનને ધિક ધિક ધિક્કજ છે,
કીડી કાગડા એથી તો ઠીકજ છે;
જેને જાતિની દાઝ અધિકજ છે !–
મારી ભરતભૂમિ૦—૯

હોટેંટાટ કાફીર જે કહો,
જંગલીમાં જંગલી જે લોકો;
જન્મભૂમિ[1] ભજન અનભિજ્ઞ ન કો.–
મારી ભરતભૂમિ૦—૧૦

સ્ત્રીઓ પણ અબળા જે બાકી,
તેણે દેશભક્તિ સબળા દાખી;
ઇતિહાસ છેજ એનો સાખી.–
મારી ભરતભૂમિ૦—૧૧

જન જન્મી જન્મભૂમિ જે ન ચહે,
સૃષ્ટિક્રમ વિરુદ્ધજ રાક્ષસ એ;
રે રાક્ષસ રૂડા સ્વપક્ષે રહે !–
મારી ભરતભૂમિ૦—૧૨

આવા ભ્રષ્ટ સંગે ભંડાઇ માતા,
જે જગતને સુજનતા[2] મૂળ દાતા;–
જેનો જશ જશવંત હજી પણ ગાતા–
મારી ભરતભૂમિ૦—૧૩

---

૧ જન્મભૂમિની ભક્તિથી અજાણ્યા કોઈ જંગલી લોક પણ નથી.
૨ સુધારો (Civilization).

તું તો સત્ત્વગુણી તત્ત્વજ વેત્તા,
દેશ દેશથી પંડિત જ્યાં વહેતા;
ચઉ શિષ્ય સહોત્સાહે રહેતા-
મારી ભરતભૂમિ૦—૧૪

તારાં કાર્ય ત્યારે યવને ભાળ્યાં,
મહા શીળ, નિર્મળ, બુદ્ધિવાળાં;
અહા ! દેવાં કમાડે પડે ન તાળાં !-
મારી ભરતભૂમિ૦—૧૫

સેવું નિત્ય પુનિત તવ રજ ચૂમી,
ધન્ય ભાગ્ય **નવલ**ની તું જન્મભૂમિ;
તારી ભક્તિ રંગેરગ રહીજ ઘૂમી.-
મારી ભરતભૂમિ૦—૧૬

एकज वेण राखवा विषे

ધોળ-राग वेलावर

સદા રાખો રે, સદા રાખોરે, શાણાં સુજન સુજાણ
એક વેણ સુસત્યનું.

એકજ વેણ ઉપર ચાલે, જુઓ,
સંસારનોરે, સંસારનોરે, બધો કારવે'વાર.
હોય લાખોની આપ લે,
લોક ધંધોરે, લોક ધંધોરે, કરે ધમધોકાર—એકજ વેણ૦ ૧

એક વેણે વીંટયું વિશ્વ કાં,
વેપારી રે, નરનારી રે, નોકર ને શેઠ;
સર્વ જીવે રાજા પ્રજા,
વિશ્વાસેરે, વિશ્વાસેરે, ખરે વિશ્વમાં નેટ—એકજ વેણ૦ ૨

એક વેણુ વિના તો પા ઘડી,
કયમ ભેળાંરે, કયમ ભેળાંરે, રહી શકે કો જન ?
જ્યઘ જંગલમાં એકકથી,
શું છૂટાંરે, શું છૂટાંરે, વસે જોજન જોજન—એકજ૦ ૩

એક વેણુ વિના ગુણુ કોટિધા,
હોય તોપણુરે, હોય તોપણુરે, તેનું કોડી ન મૂલ;
બાળક પણુ હાંસી કરે,
"એ તો જુઠોરે" મળ્યું ડાં'પણુ ધૂળ !—એકજ૦ ૪

એક વેણુ વિના નર રડવડે,
જ્યમ રોડુંરે, જ્યમ રોડુંરે, ખર્યું ભીંતથી હોય,
ઠામ ન ઠરવાનો મળે,
ભમે ભૂલ્યોરે, ભમે ભૂલ્યોરે, બની બા'વરો સોય—એકજ૦ ૫

એક વેણુ ગયું તો સૌ ગયું,
સૌ તુચ્છજરે, સૌ તુચ્છજરે, ગણે તરણુાથી લોક;
થાય હડે હડે જાય જ્યાં,
પછી સાચુંરે, કદી સાચુંરે, બોલે તે પણુ ફોક—એકજ૦ ૬

એક વેણુ કારણુ દારુણુ શાં,
દુઃખ વેઠયાંરે, દુઃખ વેઠયાં રે, હરિશ્ચંદ્રે અખેદ !
ભૂપ* ભલોરે પેલો ફ્રાન્સનો !
આવી આપે જે, આવી આપે જે, પડયો પાછો કેદ !—એકજ૦ ૭

---

* ફ્રાન્સનો રાજા જોન જે લડાઇમાં હારી ઈગ્લાંડમાં કેદ પડયો હતો તે કેટલાક કોલકરાર કરી પોતાના રાજ્યમાં પાછો આવ્યો, પણુ લોકે તે ચરતો કબુલ ન રાખી તેથી એ સત્યવાદી રાજા પોતાના વેણુ ખાતર આપોઆપ પાછો ગયો અને ત્યાં કેદખાનું ભોગવ્યું.

એક વેણુ સત્યનું રાખતા,
સુખ નિશ્ચયરે, સુખ નિશ્ચયરે, બેઉ લોકે થોક;
નિશ્ચય વાત **નવલ** કવે,
અરે માનોરે, અરે માનોરે, જગતના લોક !—એક૦ ૮

જુઠું નહિ બોલવા વિષે

ધોળ-રાગ બેલાવર

જીવ કદીએ રે, નહિ વદીએ રે, જરા જૂઠ વચન; } ટેક.
જૂઠે [1]જાન એ [2]જહાનમાં. }

આપી ઈશે વિશેષ પશુ થકી,
અલ્યા વાણીરે, દયા આણીરે, કહેવા ઉરના વિચાર,
તે તો ઢાંકી ફુમેરી તેં,
જગ ઠગવારે, જગ ઠગવારે, માંડયો વાણી વ્યાપાર । જૂઠે જાન. ૧

સૂણ ! સત્ય સંસારનો સ્તંભ છે,
જે આધારેરે, જે આધારેરે, એ ઉભો બીનધાક;
જો વણ કડડ તૂટી પડે,
જોને આંખેરે, વણ શાખેરે, ધીરે જેનું ન શાક. જૂઠે જાન. ૨

રે ! શાખ ભુંડીજ જુઠાતણી !
છતાં સાચુંરે, છતાં સાચુંરે, એનું જુઠું મનાય;
જોવા આવ્યો સાચ, પણ,
પેલો બૂમોરે, પાડી બૂમોરે, મુઓ મૂર્ખ ગ્રથાય. જૂઠે જાન. ૩

---

૧ નુકશાન, ખરાબી. ૨ દુનિયામાં; આ લોકમાં ને પરલોકમાં.

જીવ ! જીભ શીદ જૂઠે વટાળીએ ?
વદે જૂઠ તો રે, વદે જૂઠ તો રે, મૂઢ પાપી જન;
પાપ પોતાનાં ઢાંકવા,
ન ઢંકાયજરે, ન ઢંકાયજરે, જાણુ નિશ્ચય મન. જૂઠે જાન. ૪

ભુંડું છાણુ ઉડી ગોઝારમાં,
ધર્યું ઢાંકીરે, ધાર્યું ઢાંકીરે, ઊંડે ગંધાઇ આપ;
થૂ થૂ થૂ થાયજ તથા,
વૃથા બાંધીરે, મૂઢ બાંધેરે, ગાંઠે એકનાં બે પાપ! જૂઠે જાન. ૫

જીવ નિશ્ચય કરીને જાણુ તું,
તરે સત્યજરે, તરે સત્યજરે, ડુબે જૂઠે ઝાઝ;
તદપિ કાગળની કરામતી,
એ શા અર્થનુંરે, એ શા અર્થનુંરે, શોભે તાબુતમાંજ !—
જૂઠે જાન. ૬

છે જૂઠ જંજાળની જાળ જ્યાં,
એકે બીજુંરે, બીજે ત્રીજુંરે, ગુથ્યું ગણ્યું ન ગણાય;
શું સંભાળે અભાગીઓ,
ઝટ જોતાંરે, ઝટ જોતાંરે, કો ટપ્પ ઝલાય. જૂઠે જાન. ૭

વાંક નજ કર, પણ કદી થાય તો,
સાચે સાચુંરે, સાચે સાચુંરે, માની માગને માફ;
માફજ મળશે સો વસા,
નહિ તોએરે, નહિ તોએરે, ટળશે અંતર તાપ. જૂઠે જાન. ૮

જો અંતર્જામી અંતરે,
તે રાજીરે, રહે રાજીરે, વહે ઉર આનંદ;
અતુલ અનુપ નિજાનંદ છે,
નિજાનંદનેરે, નિજાનંદનેરે, જાણે શુંજ ગતિમંદ? જૂઠે જાન. ૯

છે સત્યસ્વરૂપજ શ્રી પ્રભુ,
એને વા'લુંરે અન્ય વા'લુંરે, નથી સત્ય સમાન;
છે સત્યસ્વરૂપને પરભવી,
ક્યાં રહેશોરે, શું કહેશોરે, પૂછે નવલ નિદાન. જૂઠે જાન. ૧૦

बाळक पर प्रीति ए स्त्रीनुं भूषण छे

राग हालरडानो

વનિતા કુળવંતી બોલાવે વા'લે બાળને,
મીઠાં અમૃત ઝરતાં નયણે વયણે નિત્ય;
નિત્યજ ખંતેથી ખાવાનાં ખેલવણાં તથા,
આપે કેળવણી સુખકરણી સુંદર રીત. વનિતા૦ ૧

વનિતા કુળવંતી, ને વા'લ અપારજ બાળપર,—
પછી તે પોતીકું, પરનું કે જેનું હોય;—
એને હૈયે ઉમળકો આવે જોઈજ બાળને,
વા'લે બોલાવે તે વેળા શી સો'ય? વનિતા૦ ૨

આંખો હીરાશી ઓપે! હસતું મુખ શું મધુર!
શોભે શાં સુંદર મનરંજન ખંજન ગાલ!
ઉઘડી અર્ધ અધરપરવાળી સુવર્ણ ઝબુકતી,—
ઝબકયું ઝળળળ જાણે નિર્મળ દિલનું વા'લ. વનિતા૦ ૩

એની વાણી તો નરમાશ મિઠાશ અજબ ભરી,
જેણે બાળકનાં મનવશ થઈ જાય જ સે'જ;
એને દેખે કે દોડી ભેટે હેતે અતિ.
એનું કહ્યું કરે સઘળું હરખે હરખેજ! વનિતા૦ ૪

રે વણુ કહે અતિ મન વર્તે છે તે તો સદા,
રડતાં રખે દુભાયે એનું દયાળુ દિલ;
છરાયાં છોરૂં પરાયાં પણુ રે એને કલ્યાગરાં,
સાચે જાદુગરૂંજ જોયું એનું સુશીલ! વનિતા૰ ૫

એનું કારણુ પણુ આઘું નથી, સમજવું સે'લ છે,
સમજો સુંદરીઓ! ઓ! હિંદની આપે આજ;
એ નથી પીટયા કહી કદીએ બાળ ધએડતી,
જે છે નહિ નારીનાં પણુ કૃત્યાનાં કાજ. વનિતા૰ ૬

લાજે કુળવંતી બોલતાંએ ઉંચે સ્વરે,
તો તે નિજ બાળક પર કેમજ હોય કઠોર?
વાણી કડવી કઠોર બાળ નઠોરજ હોય,
વાણી વા'લપની વશ કરે હરાયાં ઢોર. વનિતા૰ ૭

વાણી વા'લપની વદવા સરજી છે સુંદરી,
રહી છે સુંદરીની સુંદરતા વા'લપ માંહ્ય;
વા'લપ બાળ પર જામે જ્યારે શશી પૂર્ણ સમ,
ત્યારે નવલ અલૌકિક દેવાજ છે દેખાય! વનિતા૰ ૮

વિશ્વંભરનો ઉપકાર

ગીતચંદ્રાવળા (નાના ધ્રુવાખ્યાનનો રાગ)

જે જે! વિશ્વંભરનાથ; હું તને વંદુ વારંવાર;
વારંવાર તું જે કરે જનપ્રતિ પ્રતિદિન ઉપકાર,
જે ઉપકાર ન હુંથી ગણાય;
અનહદ હદમાં કેમજ માય!

દહાડો રાત, પ્રભાત ને સાંજ;
પળપળ સંભાળો છો રાજ! જે જે૦ ૧

પાળે, સંભાળે સદા તું તો અખિલ જગતમાં જન,
જળચર, ભૂચર, ખેચરને, વળી ઇતરેચર પણ અન્ય.

અન્ય હશે બ્રહ્માંડ અખંડે,
તે સર્વેનાં દુઃખ તું ખંડે;
એક અનંત તું પુરું કરે,
આહા! આ તે અકળજ ખરે! જે જે૦ ૨

અકળ, અરૂપ, અનુપને હું કેવા તે કહું કેમ?
તેમ એક આ તો દીસે નિત્ય કરવું વિશ્વનું ક્ષેમ!

વિશ્વનું ક્ષેમ ચહે ચિત નિત્ય,
કુંજરથી તે કીડી સહીત;
સર્વેની સંભાળ સમાન,
લે છે દેવ દયાજ નિધાન. જે જે૦ ૩

દયાનિધાન! કૃપાળુ! ઓ! કરુણાળુ કીરતાર!
છે વિધવિધના વિશ્વમાં ભર્યા અન્નઉદકભંડાર.

અન્નઉદકભંડાર ભર્યા તે,
ખાઈ જીવે છે જગતજ ખાંતે;
ખાજ સુખદ, ને સ્વાદે ભર્યાં,
વિધવિધનાં જે જાય ન ગણ્યાં. જે જે૦ ૪

જાય ગણ્યાં નહિ સર્વ તે સુખસાધન તેં જે કીધ,
વૃક્ષ, વનસ્પતિ, વેલી ને પશુ પક્ષી ખનિજ વિવિધ.

પશુ પક્ષી વિવિધનાં હોયે,
નદી ડુંગરીએ મનડાં મોહે;

શો કહું આહારી સુંદર બહાર !
ધન ! ધન ! ઈશ રસદાતાર. જે જે૦ ૫

ઈશ્વર તું ઉપકાર તો કરે જન્મ્યાં ત્યાંથીજ સાર,
રે ! જન્મ્યાં પહેલાંય તેં પય નીપજાવ્યું નિરધાર.

નીપજાવ્યું નિરધાર તેં દૂધ,
તારી તો છે અગમજ બુદ્ધ !
અગમ ખેલ તો તારો અરે !
રુધિરનું દૂધ કોણુજ કરે ? જે જે૦ ૬

દૂધ કર્યુંજ રુધિરનું અતિ શુદ્ધ સરસ ગુણુકારૂં,
એ ગુણુ ભૂલે એવું તે કોણુ લૂણુહરામીં નઠારૂં ?

લૂણુહરામીં નઠારૂંજ હશે,
તે વિશ્વંભરને ભૂલશે;
વિશ્વંભરના ગુણુ અનંત,
ગાય પશુ પંખી જીવ જંત ! જે જે૦ ૭

જંત ઝીણાં જળબિંદુમાં અગણ્યાં આંખે ન જણાય,
તે સર્વે સંભાળથી ઘડયાં કરી કરામત કાય.

કરી કરામત તેં તો વડી,
સુખકર સર્વે અવયવો ઘડી;
તે પ્રત્યેકનું પોષણુ થાય,
તેવા સાજ સૃજ્યા વાળી ત્યાંય. જે જે૦ ૮

સાજ સૃજ્યા સુખના જગે જગરાજ ધરી દિલ દાઝ,
દાઝ અધિક ધરી વળી મૂકી બુદ્ધિ માણુસમાંજ.

બુદ્ધિ વિવેકને જાણો અમૂલ્ય,
એ ભવસાગરનો છે પૂલ;

પૂલ ભવાબ્ધિનો બાંધી હસ્યા,
અંતર્જામી રૂપે વળી વસ્યા. જે જે૦ ।

અંતર્જામી ભોમીઓ થઇ, ઉભો ભવાબ્ધિ પૂલ,
પૂલ ચૂકી નોહો તરફ વળે, તો પોકારી કહે ભૂલ.

પોકારી ભૂલ કહે છે તેહ,
વારેવારે વારે છેય;
વળી દયાળુ એ દેવની કૃતિ,
કર તું નવલ તત્પ્રત્યે રતિ * જે જે૦ ૧

---

*પ્રીતિ.

સમાપ્ત

બહાર પડી ચૂકી છે.

ગુજરાતના સુપ્રસિદ્ધ ટીકાકાર
સ્વર્ગસ્થ સાક્ષર

नवलराम लक्ष्मीराम

कृत

નવલ-ગ્રંથાવલિ

શાળોપયોગી આવૃત્તિ
ભાગ ૧

સંશોધન કરનાર
રા. રા. સાક્ષર હીરાલાલ વી. શ્રોફ.
બી. એ.

કિંમત રૂા. ૨-૮-૦.

મળવાનું ઠેકાણું:—

બુકસેલર કરસનદાસ નારણદાસ
સુરત.